WEDNESDAY
૦૬-૦૧-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, માગશર વદ ૮
અંક : ૭૯
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

નોકરી શોધતા લોકો માટે
ખુશખબર
ચક્રવાત દૈનિક સમાચારપત્રમાં દર બુધવારે તથા દર શનિવારે નોકરીની અપડેટ વાંચતા રહો
નોકરીની એડ આપવા માટે સંપર્ક : મો.૯૧૦૬૬૧૭૮૬૭

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ● કિંમત રૂા. ૪

### બર્ડ ફ્લૂને કેરળે રાજકીય આફત જાહેર કરી, હરિયાણામાં એક લાખ મરઘીનાં મોત

# માનવજાત પર ખતરો યથાવત : કોરોના બાદ બર્ડ ફ્લૂ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૫

હિમાચલ પ્રદેશથી તે છેક કેરળ સુધી ઠેર ઠેર બર્ડ ફ્લૂનો આતંક જોવા મળ્યો હતો. લેટેસ્ટ માહિતી મુજબ હરિયાણામાં બર્ડ ફ્લૂના પગલે એક લાખ મરઘી મરેલી મળી આવી હતી.

બર્ડ ફ્લૂનો ચેપ સૌ પ્રથમ રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં જોવા મળ્યો હતો. ત્યારબાદ એ ચેપ અન્ય સ્થળોએ ફેલાવા માંડ્યો હતો. હિમાચલ પ્રદેશ, હરિયાણા, ગુજરાત અને હવે કેરળમાં પણ બર્ડ ફ્લૂ જોવા મળ્યો હોવાના અહેવાલ હતા. આવું બનતાં રાજ્ય સરકારોએ રેડ એલર્ટ જાહેર કરી હતી. કેરળે તો આને રાજકીય આફત જાહેર કરી છે. મધ્ય પ્રદેશમાં છેલ્લા દસ દિવસમાં આશે છસો કાગડા મરેલા મળી આવ્યા હતા. એમાંય સૌથી વધુ મોત ઈંદોરમાં જોવા મળ્યા હતા. રાજ્યના પશુપાલન ખાતાના

**હિમાચલ, રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશમાં એલર્ટ, કેરળમાં રાજકીય કટોકટી જાહેર કરાઇ, અનેક રાજ્યોમાં મોટી સંખ્યામાં પક્ષીઓના મોતથી ખળભળાટ**



પ્રધાન પ્રેમ સિંઘે મિડિયાને કહ્યું કે મરેલા કાગડાના અંશો ડીઆઈ લેબમાં મોકલાયા હતા. મંદસૌર વિસ્તારમાં મરેલા કાગડામાં બર્ડ ફ્લૂ હોવાના પુરાવા મળી ગયા હતા.

મોટે ભાગે પોલ્ટ્રી ક્ષેત્રના લોકોમાં આ રોગ ઝડપભેર ફેલાઈ શકે છે. કેરળમાં બતકો મરેલી મળી આવી



હતી. હિમાચલ પ્રદેશમાં કાંગડા વિસ્તારમાં પોંગ બંધ વિસ્તારમાં વિદેશથી આવેલા હજારો પક્ષીઓ મરેલા મળી આવ્યા હતા. ત્યારબાદ પોંગ ડેમ વિસ્તારમાં ઈંડાં અને માંસ વેચવા પર તત્કાળ પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

હવે હરિયાણાના બરવાલા વિસ્તારમાં રહસ્યમય રીતે એક લાખ મરઘી મરેલી જોવા મળી હોવાના અહેવાલે દહેશતનું વાતાવરણ સર્જ્યું હતું. ૧૧૦ પોલ્ટ્રી ફાર્મમાંના બે ડઝન પોલ્ટ્રી ફાર્મમાં મુરઘી ટપોટપ મરણ પામી હતી. રાજ્યના પશુપાલન વિભાગે મરેલી મુરઘીના અંશો જાલંધરની રિજ્યોનલ ડિસીઝ ડાયગ્નોસ્ટિક લેબોરેટરીમાં મોકલ્યા હતા. ગુજરાતમાં જુનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના બાંટવા નજીક એક સાથે ૫૩ પક્ષી મરેલાં મળી આવ્યાં હતાં. આ રિપોર્ટ મળતાં વન વિભાગની ટુકડી ત્યાં પહોંચી ગઇ હતી અને મરેલાં પક્ષીઓના પોસ્ટમોર્ટમ માટેની વ્યવસ્થા હાથ ધરી હતી. અત્યારે હજુ કોરોનાની રસી આપવાની વ્યવસ્થા થઈ રહી હતી ત્યાં બર્ડ ફ્લૂના રિપોર્ટ આવ્યા હતા. આ રોગ પક્ષીઓ દ્વારા માણસમાં ફેલાતો હોય છે.

**સૌ પ્રથમ રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં જોવા મળ્યા બાદ બર્ડ ફ્લૂ પક્ષીઓ દ્વારા માણસમાં પણ ફેલાવાનો મોટો ખતરો**

### કોરોનાના નવા સ્ટ્રેનની દહેશતથી બ્રિટન અને સ્કોટલેન્ડમાં લેવાયો નિર્ણય : બ્રિટીશ પીએમની ભારતયાત્રા પણ રદ

# લૉકડાઉન...!! લૉકડાઉન...!! લૉકડાઉન...!!

(જી.એન.એસ.)લંડન,તા.૫

બ્રિટનમાં કોરોનાના નવા સ્ટ્રેન સામે અગમચેતી રૂપે વડા પ્રધાન બોરિસ જ્હૉન્સને દોઢ માસના લૉકડાઉનની જાહેરાત કરી હતી. હાલ બ્રિટનમાં અગાઉના કોરોના સામે રક્ષણ આપતી રસી અપાઈ રહી છે ત્યાં કોરોનાના નવા સ્ટ્રેનનો ચેપ ફેલાવાનો શરૂ થયો હતો. એની અસર ભારતમાં પણ દેખાઈ હતી. ઈંગ્લેંડથી ભારત આવેલા મુસાફરોમાં પણ કોરોનાના નવા સ્ટ્રેનની અસર જોવા મળી હતી. બ્રિટનમાં તમામ બિનજરૂરી દુકાનો અને મોલ્સ બંધ રહેશે. હેર કટિંગ સલૂન, રેસ્ટોરાં વગેરેમાં પણ હાલ કોઈ પ્રવૃત્તિ નહીં થાય. જો કે રેસ્ટોરાં ટેક અવે સેવા ચાલુ રાખી શકશે. સોમવાર સાંજ સુધી ઈંગ્લેંડની હૉસ્પિટલોમાં ૨૬, ૬૨૬ દર્દીઓ હતા. ગયા સપ્તાહ કરતાં આ વધારો ૩૦ ટકા જેટલો હતો.

વડા પ્રધાને કહ્યું હતું કે કોરોનાના નવા સ્ટ્રેન સામે અગમચેતી રૂપે દોઢ માસનો લૉકડાઉન લાદવાની ફરજ પડી હતી. સ્કૂલ કૉલેજના વિદ્યાર્થીઓ પણ ફેબ્રુઆરીના અંત સુધી કેમ્પસમાં પાછાં નહીં ફરી શકે. સોમવારે રાત્રે બોરિસ જ્હૉન્સને રાષ્ટ્રવ્યાપી પ્રવચન કર્યું હતું અને



કહ્યું હતું કે દેશ અત્યારે બહુ મુશ્કેલ સંજોગોમાંથી પસાર થઈ રહ્યો હતો. કોરોનાના નવા સ્ટ્રેન સામે રક્ષણ માટે લૉકડાઉન લાદવાની સરકારને ફરજ પડી રહી હતી. લોકો આ મુદ્દો સમઝી શકશે અને સરકારના પ્રયાસોમાં સાથ સહકાર આપશે એવી આશા છે. દેશના દરેક વિસ્તારમાં કોરોના ઝડપભેર પ્રસરી રહ્યો હતો. એવા સમયે કડક પગલાં લેવા જરૂરી બની રહ્યાં હતા.

બાળકોનો અભ્યાસ ઓનલાઈન ચાલી શકે છે. અનિવાર્ય કામ સિવાય લોકોએ ઘરની બહાર નીકળવું નહીં એવી હેલ્થ વર્કર્સની સલાહ હતી.

**સ્કોટલેન્ડ પણ બંધ**

આ બાજુ સ્કોટલેન્ડએ પણ ફરીથી લોકડાઉન લગાવ્યું છે. સરકારે લોકડાઉનની જાહેરાત કરતા કહ્યું કે મંગળવારથી જાન્યુઆરીના અંત સુધી લોકડાઉન ચાલુ રહેશે. આ લોકડાઉન બિલકુલ એવું જ રહેશે જે ગત વર્ષ માર્ચમાં લગાવવામાં આવ્યું હતું. એટલે કે લોકોને બહાર નીકળવાની મંજૂરી નહીં રહે. ફર્સ્ટ મિનિસ્ટ નિકોલા સ્ટર્ઝને લોકડાઉનની જાહેરાત કરતા કહ્યું કે તમામ શાળાઓ એક ફેબ્રુઆરી સુધી બંધ રહેશે.

# આસામ સરકાર દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા દૈનિક રૂા.૧૦૦ના ભથ્થાની જાહેરાત કરાઈ

ચક્રવાત ગુવાહાટી,તા.૫

દેશમાં મહિલા સશક્તિકરણ અને બેટી પઢાવો અભિયાનને વધુ વેગવંતુ બનાવવા તેમજ સમાજમાં મહિલા શિક્ષણને વધુ પ્રોત્સાહિત કરવાની દીશામાં આસામ સરકાર દ્વારા નવતર પહેલ કરવામાં આવી છે. ભૂતકાળમાં અનેક સમાજ સુધારકો તેમજ રાજવી પરિવારો, મહારાજા સયાજીરાવ ગાયકવાડ, રાજારામ મોહનરાય, મહાત્મા ફૂલે, સાવત્રી બાઈ ફૂલે, સરોજીની નાયડૂ દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા અનેક લાભો જાહેર કરેલ તેવો એક લાભ દેશમાં આસામ સરકાર



દ્વારા આજથી શરૂ કરવામાં આવેલ છે. આસામ સરકારે વિદ્યાર્થિનીઓને શિક્ષણ પ્રોત્સાહન માટે અનોખી પહેલ કરી છે. સ્કૂલ જતી દરેક વિદ્યાર્થીનીને દૈનિક રૂ.૧૦૦નું ભથ્થું આપવામાં આવશે. આ યોજના ચાલુ મહિનાના અંતથી શરૂ થશે. દેશની આ પ્રકારની કદાચ આ પ્રથમ યોજના છે. પ્રજ્ઞાન ભારતી યોજના હેઠળ ધોરણ ૧૨ પાસ કરનારી વિદ્યાર્થિનીઓને ૨૨ હજાર સ્કૂટર પણ અપાઈ રહ્યાં છે. તેવી જ રીતે અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટમાં ભણતી વિદ્યાર્થિનીઓને અનુક્રમે રૂ. ૧૫૦૦ અને ૨૦૦૦ રૂપિયા દર મહિને આપવામાં આવશે.




# સંસદનું સત્ર ૨૯ જાન્યુ.થી ૧૫ ફેબ્રુ. સુધી ૧લી ફેબ્રુ.ના રોજ બજેટ રજૂ કરવામા આવશે



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૫

કોરોના મહામારી વચ્ચે અનેક મુસદ્દાઓ અને ખરડાઓની ચર્ચા કરવા સંસદનું આગામી સત્ર કોરોનાની માર્ગદર્શકીઓના પાલન વચ્ચે આગામી તારીખ ૨૯મી જાન્યુ.થી તા. ૧૫ ફેબ્રુઆરી સુધછ યોજવા અંગે સંસદના સેક્રેટરી તથા અધ્યક્ષ દ્વારા આયોજન હાથ ધરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

આગામી સમયમાં યોજાનાર સંસદના સત્ર દરમ્યાન સંભવત રીતે તા. ૧ ફેબ્રુ. ના રોજ દેશનું અંદાજપત્ર (બજેટ) નાણામંત્રી દ્વારા રજૂ કરવામાં આવશે. શાસકો દ્વારા સંસદનું સત્ર યોજવા હાથ ધરાતા વિપક્ષોએ પણ સરકારને ઘેરવા અંગે સક્રિય ચર્ચા વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

# ભારતમાં કોરોનાના યુકે સ્ટ્રેનના વધુ ૨૦ કેસ મળતા હડકંપ : કુલ આંકડો ૫૮

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૫

ભારતમાં ભલે કોરોના વાઈરસની વૅક્સીનેશનની તૈયારીથી લોકો રાહતનો શ્વાસ લઈ રહ્યાં હોય, પરંતુ બ્રિટનના નવા કોરોના વાઈરસ સ્ટ્રેનથી ચિંતા પણ વધી ગઈ છે. ભારતમાં બ્રિટનનો કોરોના વાઈરસનો નવો સ્ટ્રેન ઝડપથી ફેલાઈ રહ્યો છે અને તેના કેસોમાં પણ વૃદ્ધિ જોવા મળી રહી છે. બ્રિટનથી પરત ફરેલા વધુ ૨૦ લોકોમાં કોરોના વાઈરસના આ નવા સ્ટ્રેનથી સંક્રમિત મળી આવ્યા છે. આ સાથે જ આ વાઈરસથી પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૫૮ પર પહોંચી ચૂકી છે. કોરોના વાઈરસ સંક્રમણના મળેલા નવા સ્ટ્રેન સાર્સ-ર્ઝફ-૨થી દેશમાં અત્યાર સુધી ૫૮ લોકો સંક્રમિત થઈ ચૂક્યાં છે. મંગળવારે ૨૦ નવા કેસ સામે આવ્યા બાદ નવા સ્ટ્રેનથી સંક્રમિતોનો કુલ આંકડો ૫૮ પર પહોંચ્યો છે. જણાવી દઈએ કે, આ તમામ ૨૦ નવા કેસ પૂણીની લેબમાં મળ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, બ્રિટનના આ નવા પ્રકારના જીનોમ સાથે જ દેશમાં અત્યાર સુધી કુલ ૫૮ સેમ્પલમાં તેની પુષ્ટિ થઈ છે. સરકારના જણાવ્યા મુજબ, સંક્રમિત લોકોની સાથે મુસાફરી કરનારા લોકો અને તેમના પરિવારના સભ્યો સાથે અન્ય સંપર્કોની શોધ કરવા માટે મોટા પાયે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

# શાળાઓ અનલોક કે કોરોના અનલોક?? નાસિકમાં એક સાથે ૬૨ શિક્ષકો પોઝિટિવ

(જી.એન.એસ.)નાસિક,તા.૫

મહારાષ્ટ્રના તીર્થધામ ગણાતા નાશિક શહેરમાં સ્કૂલ ખુલતાંની સાથે કોરોના વિસ્ફોટ થયો હતો. એક સાથે ૬૨ શિક્ષકો કોરોના પોઝિટિવ થયા હતા. જિલ્લા વહીવટી તંત્રે જાન્યુઆરીથી સ્કૂલ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

અત્રે એ યાદ રહે કે દેશમાં સૌથી વધુ કોરોના કેસ થનારા રાજ્યોમાં મહારાષ્ટ્ર મોખરે હતું અને મહારાષ્ટ્રના મહાનગર મુંબઈ સહિત કેટલાક વિસ્તારોમાં કોરોનાના કેસ અસંખ્ય થયા હતા અને મરણાંક પણ ખાસ્સો મોટો હતો. હજુ ગઈ કાલ સુધી સ્કૂલ



કૉલેજો બંધ હતાં. મંદિરો હજુ ય બંધ છે. કેટલાક વિસ્તારોમાં સ્વૈચ્છિક તો કેટલાક વિસ્તારોમાં કાયદેસર રીતે હજુ પણ કેટલાક પ્રતિબંધો લાદેલા છે. જિલ્લા વહીવટી તંત્રે એવો દાવો કર્યો હતો કે સ્કૂલ ખોલવા પહેલાં ૭૦૬૩ પ્રિન્સિપાલ્સ, શિક્ષકો અને ૨૫૦૦ બિનશિક્ષક કેટેગરીના કર્મચારીઓના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા એ ટેસ્ટ દરમિયાન ૬૨ પ્રિન્સિપાલ અને શિક્ષકો કોરોના પોઝિટિવ નીકળ્યા હતા.

# સ્પેનમાં મર્સિડીઝ પ્લાન્ટમાં યુવાને ૬૯ કારનો બોલાવ્યો ભુક્કો

(જી.એન.એસ.)સ્પેન,તા.૫

સ્પેનમાં ૩૮ વર્ષીય યુવાન ૨૦૧૬-૧૭ માં મર્સિડીઝ પ્લાન્ટમાં નોકરી કરતો હતો, કોઈ બાબતે વિવાદ થતા યુવકને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યો હતો. આ બાબતને તે ભૂલી નહોતો શક્યો અને કંપની પ્રત્યે તેના મગજમાં બદલાની ભાવના જાગી હતી. તેના સ્વરૂપે ગત ૩૧ ડીસેમ્બરની રાત્રે આ યુવક બુલડોઝર લઈને મર્સિડીઝ કાર પ્લાન્ટમાં ઘૂસ્યો હતો.

# મધ્યમ વર્ગને મંદિ વચ્ચે મોંઘવારીનો માર કપાસીયા તેલનો ડબ્બો રૂ. ૧૯૦૦ને પાર

રાજકોટ,તા.૫

દેશમાં મોંઘવારી નિયંત્રીત કરવાની રાજનેતાઓ દ્વારા ચલાવાતી વાતો માત્ર વાત અને ચૂંટણી વચનની જેમ ઝાંઝવાનાં જળ જેવી સાબિત થઈ રહી છે. ગરીબી દૂર કરી ગરીબોનું કલ્યાણ કરવાની કવાયતમાં રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ વર્તમાન સમયમાં સ્પષ્ટ નજરે પડે છે. સરકાર દ્વારા આગામી બે-ત્રણ વર્ષમાં બમણી કરવાના વાયદા થઈ રહ્યા છે ત્યારે ચાલુ એક જ વર્ષમાં સામાન્ય માનવીની જીવનજરૂરી ચીજવસ્તુઓનાં ભાવો ગત વર્ષની સરખામણીએ ૪૦ ટકાથી ૧૦૦ ટકા સુધી વધારો નોંધાય જવા પામેલ છે. ખાદ્યાન તેમજ અનાજ, કઠોળ, કરિયાણું, પ્રસાધનના સાધનો, સાબુ, કપડા ધોવાના પાઉડર વિગેરેમાં અસહ્ય ભાવ વધારો સરકારના ધ્યાન બહાર થયો હોય તેવું લાગે છે. ગુજરાત રાજ્યમાં વિપુલ પ્રમાણમાં મગફળી તથા કપાસનું ઉત્પાદન થતું હોવા છતાં સરકાર-તંત્રની અણઆવડત તથા આગોતરા આયોજનના અભાવે સિંગતેલ, કપાસીયા તેલ તેમજ આયાતી પામતેલના ભાવો ભડકે બળી રહ્યા છે. રાજ્યમાં ખાદ્યતેલનાં ભાવો વધવા પાછળ રાજ્ય સરકાર-તંત્ર દ્વારા ગળે ન ઉતરે તેવા બચાવ-દલીલો રજૂ કરવામાં આવી રહેલ છે. બે ત્રણ માસ પહેલા તેલનાં ભાવ પર દ્રષ્ટિપાત



કરીએ તો વર્તમાન સમયમાં ૪૦ ટકા જેવો વધારો થયેલ છે.

તેલના ભાવની સપાટી સ્થિરતા પ્રાપ્ત કરી ચૂકેલ હતી અને જથ્થો પણ પર્યાપ્ત હતો પરંતુ સરકાર દ્વારા મોટા પ્રમાણમાં સિંગતેલનો જથ્થો વિદેશમાં (ચિન સહિત) નિકાસ કરતા ખાદ્યતેલના ભાવોને દોડવું તું ને ઢાળ મળ્યો. ખેડૂતોની આવક બમણી થાય ત્યારે પણ હાલનો ખાદ્યતેલના ભાવો શેરબજારનાં ભાવાંક કરતાં પણ વધુ ઝડપી ઉંચાઈ પ્રાપ્ત કરી રહેલ છે. ભાવ વધારાનો લૂલો બચાવ કરવા કપાસ અને મગફળીનો પાક ધારણા કરતા ઓછો ઉપજ્યાના ગીત સરકાર-તંત્ર ગાય રહ્યું છે. શું હજુ બજારમાં આવેલ કે આવી રહેલ મગફળી અને કપાસ - કપાસીયા પિલાણ કરી તત્કાળ તેલ બજારમાં આવી જાય ખરૂં ? ખાદ્યતેલ તેમજ જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવો નિયંત્રણ કરવામાં સરકાર થાય ખાય જશે તો લોકો પણ પોતાને પડતી યાતનાઓ-મુશ્કેલી સામે સરકારને પાઠ ભણાવવા તૈયાર થઈ રહ્યા છે. ભલે શેરબજારનો ભાવાંક ચડે કે ઉતરે પરંત ગરીબો માટેની આવશ્યક ચીજવસ્તુઓના ભાવો પર સરકારે કોઈપણ ભોગે કાબૂ મેળવવોજ પડશે.

# રાજ્યનાં અનેક શહેરોમાં કાતિલ ઠંડીનું મોજુ યથાવત

## ગિરનાર પર્વત, નલિયા, કેશોદ, પોરબંદર, જૂનાગઢ, રાજકોટ અને ભૂજમાં ઠારનું સામ્રાજ્ય

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૫

રાજ્યમાં ઈશાનનાં ફૂકાતા પવનમાં આજથી ભેજનું પ્રમાણ વધતાં રાત્રીના તાપમાનમાં પારો સ્થિર જેવી હાલતમાં રહેવા પામેલ. રાત્રીનાં પવનની ગતિમાં મધ્યમ થતા ઠંડીમાં સતત વધારો જોંધાય રહ્યો છે. પવનમાં ભેજનું પ્રમાણ વધતાં રાજ્યનાં અનેક શહેરોમાં આજે ધુમ્મસ છવાયેલ જોવા મળેલ હતું. રાજ્યમાં આજે ગિરનાર પર્વત ખાતે તાપમાન સાથે ઠંડાગાર બન્યા હતા. રાજ્યમાં ફૂકાતા મધ્યમ-હળવા પવનમાં ભેજનું પ્રમાણ એકંદરે ઓછામાં ઓછું ૩૦ તથા વધુમાં વધુ



૮૫ ટકા જોવા મળેલ હતું. જેના કારણે અનેક શહેરોમાં ભારે ઠાર તેમજ ધુમ્મસનું સામ્રાજ્ય સ્થાપાયેલ જોવા મળેલ હતુ. હજુ આગામી ત્રણ-ચાર દિવસ સુધી રાજ્યયમાં કાતિલ ઠંડીનો પ્રકોપ વિશેષ કરીને રાત્રીના યથાવત રહેશે.

રાજ્યમાં આજે ગિરનાર પર્વત પર ૪.૬, નલિયા ૭.૮, કેશોદ ૮.૨, પોરબંદર ૯.૬, જૂનાગઢ ૯.૬, રાજકોટ ૧૦૭, ભૂજ ૧૧, કંડલા વિમાન મથક ૧૧, અમરેલી ૧૧.૨, ડીસા ૧૧.૬, સુરેન્દ્રનગર ૧૨, વલસાડ ૧૧.૬, ગાંધીનગર ૧૨, દિવ ૧૨.૫, કંડલા બંદર ૧૨.૬, વિદ્યાનગર ૧૩.૬, મહુવા ૧૩.૭, અમદાવાદ ૧૩.૫, વેરાવળ ૧૩.૧ અને ભાવનગર ખાતે ૧૪.૬ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.

**ઈશાનમાંથી ફૂકાતા હળવા-મધ્યમ પવનમાં ભેજનું પ્રમાણ વધતા ધુમ્મસ સાથે ઠંડીએ જોર પકડ્યું**

# આવનાર ચૂંટણી સંદર્ભે મનપા રાજકોટની મતદારયાદી જાહેર

(જી.એન.એસ.)રાજકોટ,તા.૫

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થવાને આડે હવે બસ ગણતરીના દિવસો બાકી બચ્યાં છે. ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મતદાર યાદીને લઈને તમામ તૈયારીઓ પ ૂર્ણ કરી લેવામાં આવી છે. ૧થી ૧૮ વોર્ડની ફોટોવાળી મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. રાજકોટમાં કુલ ૧૦, ૬૮, ૫૦૭ મતદાર નોંધાયા છે. સૌથી વધુ વોર્ડ નંબર-૩માં ૭૬, ૯૪૧ મતદાર અને સૌથી ઓછા વોર્ડ નંબર-૫માં ૪૮, ૫૭૬ મતદાર નોંધાયા છે. યાદીમાં સુધારા અને વાંધા મતદારો સૂચવી શકશે. મતદારો માટે વોર્ડ દીઠ એક અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજરોજ પ્રાથમિક મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

જે અંતર્ગત વર્ષ ૨૦૧૫ની યોજાયેલ ચૂંટણી માં ૮,૮૭,૨૭૯ મતદારો નોંધાયા હતા. જ્યારે કે આગામી સમયમાં યોજાનારી ચૂંટણી માટે ૧૦,૬૮,૫૦૭ મતદારો નોંધાયા છે. આમ છેલ્લા ૫ વર્ષમાં રાજકોટ મનપાના શહેરી વિસ્તારમાં બે લાખ મતદારોનો વધારો જોવા મળ્યો છે. રાજકોટ મનપા દ્વારા જે પ્રાથમિક મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે તે અંતર્ગત વોર્ડ નંબર ત્રણ માં સૌથી વધુ ૭૬૯૪૧ મતદારો નોંધાયા છે. જ્યારે કે વોર્ડ નંબર ૫ માં સૌથી ઓછા ૪૮૫૭૬ મતદારો નોંધાયા છે. ત્યારે મનપા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ મતદારયાદીમાં પુરૂષ મતદારોની સંખ્યા ૫,૫૩,૭૭૧ જેટલી નોંધાઈ છે. જીકે મહિલા મતદારોની સંખ્યા ૫,૧૪,૭૧૮ જેટલી નોંધાઈ છે.

# રવનીથી આંબલીયાના રસ્તાના કામમાં ભ્રષ્ટાચારની બૂ : રિપેરિંગના થોડા જ દિવસોમાં હાલત બદતર

ચક્રવાત ટીમ વનરાજ ચૌહાણ,તા.૫

ખાધું પીધું ને રાજ કર્યું પછી એ નવું કામ હોય કે રીપેરીંગ તપાસ તો અધિકારી દ્વારા જ થાય છે.કોઈ પણ કામ થાય તો કોન્ટ્રાકટર દ્વારા પરંતુ દેખરેખ અધિકારી કરે છે કારણ કે રહેમ વિના રાહ નથી ચીંધી શકાતી.લોકોની પ રેશાની જાણે કે રોડ ડામર વિના ની કપ ચી પાથરી હોય એમ કોઈ સાંભળવા તૈયાર જ નથી .લાખો કરોડો રૂપિયાનો ખર્ચ તો થાય છે પરંતુ માત્ર કાગળ પર આ રકમ સારી લાગી.કારણ કે જો નિયમો મુજબ કામ થયું હોય તો પ્રજાને આ કપરા દિવસો જોવાનો વારો ના આવે .જ્યારે બીજી તરફ રોજ નો અવર જવર નો રસ્તો ,લોકો ને ખેતરે જવાનો રસ્તો અને આ રીપેરીંગ કરેલ



રોડ પર મોટા વાહનો . ટ્રાવેલ્સ અને બસો પણ રોજ આવે જાય છે ત્યારે થોડા જ દિવસો થયા છે આ રોડ ને રીપેરીંગ કર્યે ને આજે આ રોડ પેલા હતો એના કરતાં પણ વધારે ખરાબ પરિસ્થિતિ માં છે અને નવાઈ ની વાત તો એ છે કે રોડ રીપેરીંગ કર્યા પછી આ રોડ પર નથી કોઈ વરસાદ પડ્યો કે નથી આ રોડ પર અવરજવર કરનાર લોકો એ જાતે ખોદી નાખ્યો તો પછી પ્રશ્ન એ થાય છે કે જો કામ પૂરી નીતિમત્તા થી થયું તો રોડ નો ડામર આજે ધૂળ મા કેમ ફેરવાય ગયો. જૂનાગઢ અધિકારીઓ ને તો જાણે આઠે પોર આનંદ ને દસે પોર દિવાળી હોય એમ ટેન્ડર ભરાય કામ થાય .ફરી ટેન્ડર ભરાય ને કામ થાય .આ રોડ કામ ના એન્જીન્યરીંગ ના પૂરા આશીર્વાદ કોન્ટ્રાકટર પર હોય તોજ આવા નબળા કામ થાય આવું લોકો કહી રહ્યા છે. જ્યારે આ કામ ની વિડિયોગ્રાફી. ડામર અને રોડ પર પથારેલ કપચી ને જાણે કે મિત્રતામાં બનતું ના હોય એમ હાથ થી છૂટી પાડતા ધૂળ ની જેમ મુઠી માથી છૂટી પડી જાય છે આટલા દિવસો થયા છતાં ડામરે પોતાની ગુણવત્તા પકડી નથી કે પ્રમાણસર મટીરીયલ નાખવમાં નથી આવ્યું એ પણ એક પ્રશ્ન ઊભો થયો છે .ત્યાંથી ગાડું લઈ ખેતરે જાનાર ખેડૂતે પણ જણાવેલ કે આ રોડ ના કારણે એમના બળદ નો પગ પણ ભાંગ્યો હતો ને ઘણા લોકો ના અકસ્માતો પણ થયા હતા.હવે આવનાર દિવસોમાં હજુ ઘણા આવા જૂનાગઢ ના ગામડાઓ છે કે જ્યાં લોકો રાહ જોઈ રહ્યા છે વાસ્તવિકતાની .આવનાર દિવસોમાં નવા બનતા કરોડો રૂપિયાના કામના કોભાંડ આવે એવી શક્યતા છે .

# ભાણવડના બરડા ડુંગરમાંથી દેશી દારૂનો અધધ... ૫૬૦૦ લીટર આથો પકડાયો



ચક્રવાત ટીમ દ્વારકા,તા.૫

દ્વારકા જિલ્લાના ભાણવડ પંથક સ્થિત બરડા ડુંગરના વિનેશ વિસ્તારમાં દેશી દારૂના અડ્ડા ધમધમતા હોવાની બાતમીના આધારે રાજકોટ આરઆર સેલની ટીમ ઉક્ત સ્થળે ત્રાટકી હતી જ્યાં તલાશી વેળાએ બાવળની ઝાળમાં જુદા-જુદા પ્લાસ્ટિક અને પતરાના ૨૦૦ લીટરના ૩૨ જેટલા બેરલોમાં સંગ્રહ કરી રખાયેલા દેશી દારૂના આથાનો ૫૬૦૦ લીટર જેટલો માતબર જથ્થો મળી આવ્યો હતો જો કે, પોલીસના દરોડા વેળાએ લાખા સામતભાઈ કોડિયાતર (રે. ધ્રામણીનેસ) હાથ લાગ્યો ન હતો. આથી પોલીસે તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આથાનો માતબર જથ્થો કબજે કરી તેની શોધખોળ હાથ ધરી છે. આરઆર સેલના દરોડાના પગલે આવા તત્તવોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

# વાંકાનેર : પાંચદ્વારકા ગામના મારામારીના બનાવમાં બંન્ને પક્ષોની સામસામી ફરિયાદ

ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૫

વાંકાનેર તાલુકાના પાંચદ્વારકા ગામે વાહન અથડાવવા જેવી નજીવી બાબતે મારમારીનો બનાવ બન્યો હતો. જે બનાવમાં અગાઉ એક પક્ષે પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ સામાપક્ષે પણ મારમારીની વળતી ફરિયાદ નોંધાવી છે. જેથી વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા બન્ને પક્ષની સામસામી ફરિયાદ નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓ તથા ફરીયાદીને બોલાચાલી થતા આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલી ઝઘડો તકરાર કરી તલવાર વડે ફરીયાદીને કપાળમાં ઈજા કરતા તેમજ લાકડી વડે ડાબા હાથમાં મારમારી ફેકચર કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.






# રાજકોટવાસીઓની ધીમે ચલાવજો...!! કાર અને ટુ-વ્હિલરની સ્પિડ ૪૦કિ.મી./કલાક

(જી.એન.એસ.)રાજકોટ,તા.૫

રાજકોટમા મનપાની એક ઘોર બેદરકારી સામે આવી છે. રાજકોટ મહાનગર પાલિકા દ્વારા કાલાવાડ રોડ સહિતા સ્થળ પર સ્પીડ અંગેના બોર્ડ લગાવવામાં આવ્યાં છે. સ્પીડના સાઈન બોર્ડમાં સામાન્ય રીતે એક કાલાકમાં કેટલી સ્પીડે વાહન ચલાવવું તે લખવામાં આવતું હોય છે. પરંતુ શહેરમાં લગાવેગા આ સાઈન બોર્ડ પર સ્પીડ લિમિટમાં કેએમપીએસ લખવામાં આવ્યું છે. એટલે શું રાજકોટવાસીઓએ એક સેકન્ડમાં ૪૦ કિમીની ઝડપે વાહન ચલાવવું પડશે તેવો અર્થ થાય છે. સામાન્ય રીતે મનપા લોકોની તકેદારી રાખવા માટે આવા અનેક પ્રકારના સાઈન બોર્ડ લગાવતી હોય છે. પરંતુ સરકારી ઓફિસોમાં મસમોટા પગાર મેળવનારા અધિકારીઓની આંખમાંથી આટલી નાની વાત કઈ રીતે રહી જાય તે પણ પ્રશ્ન છે. પ્રજા જો ભૂલ કરે તો દંડ લેવામાં તંત્ર ચૂકતા નથી ત્યારે તંત્રએ જ આટલી મોટી ભૂલ કરી છે તેનું શું. આ ભૂલ તો હવે વાયરલ થશે એટલે મનપા સુધારી દેશે પરંતુ તે માટેના ખોટા ખર્ચા તો પ્રજાના ખિસ્સામાંથી જ જશે.

મનપા દ્વારા આ પહેલા પણ ઉપલાકાંઠા વિસ્તારમા એક ભૂલ ભરેલું બોર્ડ લગાવવામાં આવ્યું હતું. જેમાં ત્યાં કચરો નહી ફેંકવાની સૂચના આપવામાં આવી હતી અને સૂચનાનો ભંગ કરનાર સામે જીપીએમસી એકટની કલમને બદલે આઈપીસીની કલમ ૩૭૬ મુજબ કાર્યવાહીની તાકીદ કરી હતી. આઈપીસી ૩૭૬ની કલમ દુષ્કર્મ આચરનાર સામે પોલીસ દ્વારા લગાવવામાં આવે છે. તો ત્યારે પણ મસમોટી ભૂલ થઈ હતી.

# અયોધ્યા રામ મંદિરના નિર્માણ નિમીતે ગીરગઢડાના જામવાળામાં સાધુ સંતોનું સંમેલન યોજવામાં આવ્યું

ચક્રવાત ટીમ ઉના,તા.૫

શ્રી રામ જન્મ ભૂમિ અયોધ્યામાં મંદિર નિર્માણ થઈ રહ્યુ છે. ત્યારે ગીરસોમનાથ જીલ્લાનું સંત સંમેલન જમદગ્નિ આશ્રમ ગીરગઢડા તાલુકાના જામવાળા ગીર મુકામે પ ૂજ્ય હરીદાસબાપુ ગુરૂ ભરતદાસબાપ ુના અધ્યક્ષ સ્થાને તા.૩ જાન્યુના મળેલ જેમાં ગીરસોમનાથ જીલ્લાના અલગ અલગ ધાર્મિક સ્થાનોથી પૂજ્ય વિષ્ણુદાસજી નાવદેવા ગુંદરણવાળા, પ ૂજ્ય નિર્મળદાસજી પરમહંસ આશ્રમ, રવિદાસજી શંકરદાસજી સોનારી, હરીદાસ શ્યામસુંદરદાસ સોમનાથ, કમલાશરણદાસ બાપુ ભીમદેવલ, હરીવદન સ્વામી આનંદગઠ ઊના, અખંડ મંડલ સ્વામી ગીરગઢડા, મોહન કરશનભારતી સહીત સંતો મહંતો અને



સ્વામીઓ તેમજ સંમેલનમાં આર એસ એસ, વિશ્વ હિન્દુ પરીષદના આગેવાનો, ગીરસોમનાથ જીલ્લાની રામ જન્મ ભૂમિ મંદિર નિર્માણ નિધી સમર્પણ સમીતીના જીલ્લા સયોજક રામજીભાઈ પરમાર અને સહસંયોજક પિયુષભાઈ ભટ્ટ, આર એસ એસના જેન્તીભાઈ ગોહીલની ઉપ સ્થિતીમાં સંતો મહંતો અને સ્વામીઓ દ્વારા પ્રત્યેક હિન્દુઘર માંથી રામ મંદિર નિર્માણ માટે યથા યોગ્ય સહયોગ આપે તેવો હિન્દુ સમાજને અનુરોધ કરવામાં આવેલ છે. આ સંમેલનના વિશ્વ હિન્દુ પરીષદમાં ક્ષત્રીય સંગઠન મંત્રી દેવજીભાઈ રાવતએ પ્રવચનમાં રામ મંદિરનો ઈતિહાસ વર્ણાવ્યો હતો. તેમજ રામ મંદિરનું રાષ્ટ્ર નિર્માણમાં કેટલુ મહત્વ રહેલુ છે તેની વાત કરી હતી. આ સંમેલનમાં નરસિંહભાઈ ચાડેગરા, કોશીકભાઈ પંડ્યા અને દેવિસિંહ જાદવેએ જહેમત ઉઠાવી હતી.








# વાંકાનેરમાં રોજડા હડફેટે બાઈકચાલકનું મોત

વાંકાનેરમાં રઝળતા પશુઓનો ત્રાસ જોવા મળે છે. જેના લીધે વારંવાર અકસ્માતના બનાવ સામે આવે છે. ત્યારે વાંકાનેર તાલુકાના રંગપર ગામ નજીક પણ આવો જ બનાવ સામે આવ્યો છે જેમાં એક યુવાનનું રોડ પર ગાય સાથે અથડાતા મોત થયું હતું.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ગત તા. ૨૫ ડિસેમ્બરના રોજ વાંકાનેર તાલુકાના રંગપર ગામના બોર્ડ પાસે નેશનલ હાઈવે રોડ પર મહેશભાઈ રમણભાઈ માવી બાઈક રજી નં. GJ 23 AD ૮૫૦૪ લઈને પસાર થતા હોય ત્યારે બાઈક નીલ ગાય(રોજડા) સાથે અથડાતા તેને ગંભીર ઈજા પહોંચી હતી જેમાં તેનું મૃત્યુ થયું હતું. આ બનાવ અંગે મૃતકના પત્ની કાળીબેને વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ઊનાના ઓલવાણ ગામે યુવાનના મોતની તટસ્થ તપાસ કરવા પોલીસમાં રજૂઆત

## મૃતકના ભાઇની લેખિતમાં ફરિયાદ

ચક્રવાત ટીમ ઉના,તા.૫

તા. ૧૪ ડિસે.૨૦૨૦ ના રોજ રાત્રીના સમયે કેતનભાઈ વાળાના મોબાઈલમાં ફોન આવતા વાત કરતો કરતો બસ સ્ટેન્ડ તરફ ગયેલ હોય બાદમાં તેમનો મોબાઈલ બંધ આવતા તેના ભાઈ જીતેષભાઈ ગોવિંદભાઈ વાળાએ ગામમાં શોધખોળ કરવા છતાં કેતન મળી આવેલ નહીં. બાદમાં ગામના મહીલા સરપંચ પતિ ભાઈદાસભાઈ કરશનભાઈ વાળાને આ વાતની જાણ કરેલ અને પંચાયત ઓફીસમાં સીસી ટીવી કેમેરા ચેક કરવા જણાવેલ હતું. જેથી કેતન કઈ બાજુ ગયેલ છે તેનો ખ્યાલ આવે પ રંતુ ભાઈદાસભાઈએ ચા પાણી પીને જઈએ જે અડધી કલાક બાદ ગામના યુવાનોએ જુદી જુદી જગ્યા પર તપાસ કરવા ગયેલ ત્યારે રમેશનો ફોન આવેલ હતો કે કેતન ખારા વિસ્તારમાં તળાવ પાસે બેભાન અવસ્થામાં પડેલો હોય તેને તાત્કાલીક ઊના સરકારી હોસ્પ ીટલ બાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પીટલે ખસેડાયેલ ત્યા તબીબે મોત થયાનું જણાવેલ હતું. અને યુવાનના મૃ તદેહને પી એમ માટે સરકારી હોસ્પ ીટલે ખસેડવામાં આવેલ. આ અંગે રમેશ હરજી વાળા, હરજી કરશન વાળા રહે. ઓલવાણ તેમજ મેપા મશરી પરમાર રહે.નાઠેજ આ ત્રણ શખ્સો વિરૂધ્ધ તટસ્થ તપાસ કરી કાર્યવાહી હાથ ધરવા નવાબંદર મરીન પોલીસમાં લેખિત રજુઆત કરેલ છે. અને આ અંગેની ઓલવાણ પંચાયત ઓફીસના સીસી ટીવી ફુટેજ ચેક કરી તપાસ કરવામાં આવે તો સત્ય હકીકત બહાર આવે તેવી માંગ કરેલ છે.

# ઊનાના ગાંગડાના સરપંચ દ્વારા રૂ. ૧૨ લાખથી વધુની ગ્રાન્ટ ચાઉં

ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ,તા.૫

ઊનાના ગાંગડા ગામમાં થયેલા વિકાસ કામોની સરકારી ગ્રાન્ટની રકમ બેંક ખાતામાં જમા આવેલ તે રકમ ગ્રામ પંચાયતના સરપંચ તેમજ તેમના મળતીયા દ્વારા બેંક ખાતામાંથી ઉચાપત કરી લાખો રૂપિયાની રકમ ચેક થી રોકડ ઉપ ાડી ચાઉં કરી ગયા હોવાની ગામના ઉદયસિંહ ગોહીલ સહીતના ગામ લોકોએ જીલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી તટસ્થ તપાસ કરવા માંગણી કરેલ છે.

ગાંગડા ગામે વિકાસના કામો કરવા સરકાર દ્વારા ગ્રાન્ટ આપ વામાં આવી હોય તેમાં સરપંચ અને તેના મળતીયા દ્વારા વર્ષ ૨૦૧૭ થી ૨૦૧૯ સુધીમાં એલ ઈ ડી, પી વી સી પાઈપની ખરીદી કરી બોગસ બીલો બનાવી જુદી જુદી તારીખોમાં રૂ.૧૨ લાખથી વધુની રકમ બેંક ખાતા માંથી રોકડ રકમ ચેકથી ઉપાડી ગેરરીતી આચરવામાં આવેલ હોય જે સરકારી ગ્રાન્ટની રકમની ઉચાપત કરી મોટાપાયે ભ્રષ્ટાચાર આચરેલ હોય ગ્રામ પંચાયતના સરપંચ અને તેના મળતીયા ગણાતા છોટુભાઈ હસનાણી તેમજ બહાદુરસિંહ ચૈહાણ સહીત એકસંપ કરી ચેકથી રોકડ રકમ ઉપાડ કરેલ હોવા છતાં આજ સુધિ સ્થાનિક અધિકારી કે ઉચ્ચ કક્ષાએથી તપાસ કરવામાં આવેલ નથી. આમ સરકારી ગ્રાન્ટના નાંણાની ઉચાપત કરી દુરઉપયોગ કરનાર સામે જવાબદાર અધિકારી દ્વારા તટસ્થ તપાસ કરવા ગીરસોમનાથ જીલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરેલ છે.

# ગુજરાતમાં રસીકરણ તાલિમ

## બોટાદ સોનાવાલા હોસ્પિટલ ખાતે કોરોના વાયરસ વેક્સિન અંગે મોકડ્રીલ યોજાઈ




ચક્રવાત ટીમ, બોટાદ તા.૦૫

સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસ ના વેક્સિન માટે દરેક જિલ્લામાં વેક્સિન મોકડ્રીલનું આયોજન કરવામાં આવે છે ત્યારે બોટાદ સોનાવાલા હોસ્પિટલ ખાતે કોરોનાવાયરસની વેક્સિન અંગેનું મોકડ્રીલ યોજાયું હતું આ કોરોનાવાયરસ ના વેક્સિંગ અને લોકોને કેવી રીતે વેક્સિન આપવામાં આવશે તે અંગેની માહિતી બોટાદ ઝ.હ્ઠ.ઉૐ. દ્વારા આપવામાં આવી હતી જેમાં ચાર તબક્કામાં આ રસીકરણ કરવામાં આવશે આ બાબતે પ્રથમ લોકોના નોંધણી તેમજ આરોગ્ય ચેકિંગ તથા વેક્સિન ઈન્જેકશન આપવામાં આવશે કેવી રીતે આપવામાં આવશે તેની સમજણ તેની આપવામાં આવી પ્રથમ ઓબ્ઝર્વેશન રૂમ વેઈટિંગ રૂમ તેમજ રસીકરણ રૂમ આમ ત્રણ પ્રકારની અલગ અલગ વ્યવસ્થા કરવામાં આવશે આમ હાલમાં કોરોના મહામારી ના કારણે જે સરકાર દ્વારા વેક્સિન લોકોને પહોંચાડવાનું અંતર્ગત આયોજન કરવામાં આવેલ છે તે અંતર્ગત આજરોજ બોટાદ સોનાવાલા હોસ્પિટલ ખાતે લઈને કોરોના વેક્સિન ને લઈને મોકડ્રીલ નું આયોજન કરવામાં આવેલ હતું બોટાદ જિલ્લામાં વિવિધ આશરે ૫ જેટલા વેક્સિન કેન્દ્ર ઉભા કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## વેક્સિન ડ્રાયરન : ગીર સોમનાથના બે શહેરોમાં પાંચ સ્થળોએ કોરોના રસીની ડ્રાયરન યોજાઈ




ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૦૫

ગીર સોમનાથ જીલ્લામાં કોરોનાના વેક્સિન માટે તંત્રએ તમામ તૈયારીઓ પુર્ણ કરી સજજ છે. આજે જીલ્લાના વેરાવળ તથા તાલાલા એમ બે કેન્દ્રો પર કોરોના રસીની ડ્રાયરન સફળતાપુર્વક યોજાઈ હતી. જે અંગે માહિતી આપતા જીલ્લાના એપીડેમીક ઓફીસર ડો.નિમાવતે જણાવેલ કે, આજે જીલ્લામાં વેરાવળમાં સિવિલ હોસ્પીટલમાં અને તાલાલા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - ઘાવા તથા બે સરકારી સ્કુલમાં અને અનેક ખાનગી હોસ્પિટલમાં ડ્રાયરન યોજાયુ છે. જેમાં સરકારની સુચના મુજબ જે લોકોને તબક્કાવાર વેક્સિનેશન કરવાનું છે તેની કરાયેલ તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી છે. ગીર સોમનાથ જીલ્લામાં પણ ડોર ટુ ડોર સર્વે કરી સીનીયર સિટીઝનો અને ગંભીર રોગથી પીડાતા નાગરિકોની માહિતી સર્વે કરી એકત્ર કરી છે. આગામી સમયમાં જિલ્લામાં વેક્સિનેશનની કામગીરી સફળતા પૂર્વક થાય તે માટે જિલ્લા કલેકટર અજયપ્રકાશના માર્ગદર્શન હેઠળ વહીવટી-આરોગ્ય તંત્ર સુયોજિત માળખું તૈયાર કર દીધુ છે. જિલ્લામાં મતદાર યાદી મુજબ ૫૦ વર્ષથી વધુ ઉંમરના ૨,૫૩,૧૫૫ નાગરીકોને, કિડની, હૃદય, અને કેન્સર જેવા ગંભીર રોગોથી પીડિત નાગરિકો ૫,૦૪૩ નાગરીકોને અગ્રતા મુજબ વેક્સિન આપવાનું આયોજન કરાયેલ છે. ચાર તબક્કામાં વેક્સિનેશન કામગીરી થશે ગીર સોમનાથ જીલ્લામાં ચાર તબક્કામાં વેક્સિનેશનની કામગીરી કરવાનું આયોજન કરેલ છે. જેમાં પ્રથમ તબક્કામાં ૬,૧૭૧ જેટલા હેલ્થ વર્કરોને, બીજા તબક્કામાં કોવિડ વોરીયર્સ એવા ૧૦ હજાર પોલીસ અને અન્ય વિભાગના સરકારી કર્મચારીઓને વેક્સિનેશન કરવાનું આયોજન કરાયેલ છે. ત્રીજા અને ચોથા તબક્કામાં સીનીયર સિટીઝન અને રોગિષ્ઠ નાગરીકોને વેકસીનેશન કરવાનું આયોજન કરાયેલ છે. ઈણાંજની જિલ્લા સેવા સદન કચેરી ખાતે વેક્સિન માટે સ્ટોરેજ સેન્ટર બનાવેલ છે. ગીર સોમનાથ જીલ્લામાં ૪૨ સેન્ટર અને ત્યાંથી ૬૨૦ સબ સેન્ટરો પરથી વેક્સિનેશનની કામગીરી હાથ ધરાશે. જેમાં ચુંટણી પ્રક્રિયાની જેમ તમામ બુથ ઉપર એક વેક્સિનેશન સેન્ટર કાર્યરત કરવાનું આયોજન કરાયેલ છે. વેકસીન સાચવવા માટે ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૪૨ કોલ્ડ ચેઈન પોઈન્ટ તૈયાર કરાયેલ છે. જેમાં જિલ્લા વેકસીન સ્ટોર -૧, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં - ૨૯, અર્બન હેલ્થ સેન્ટરમાં - ૪, સામુહિક આરોગ્ય કેન્દ્રમાં - ૭, જિલ્લા હોસપિટલમાં - ૧ માં કોલ્ડ ચેઈન પોઈન્ટ તૈયાર કરાયેલ છે.સમગ્ર જિલ્લામાં કુલ ચાર રૂટ દ્વારા વેક્સિનનું વિતરણ કરવામાં આવશે.

## આજે જિલ્લામાં વિવિધ પાંચ સ્થળોએ કોવિડ-૧૯ વેક્સિનેશન માટે ડ્રાય રન કરાયું

### જિલ્લા વિકાસ અધિકારીએ ડ્રાય રનનું નિરીક્ષણ કર્યું



ચક્રવાત ટીમ અમરેલી, તા.૦૫

વિશ્વભરમાં ફેલાયેલી કોરોના વાયરસ મહામારીને નાથવા કોવિડ-૧૯ સામે રક્ષણ આપતી રસીને જનસામાન્ય સુધી પહોંચાડવા તૈયાર કરવામાં આવેલા આયોજન મુજબ અમરેલી જિલ્લામાં આજે પાંચ સ્થળોએ ડ્રાય રનનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં જ કેન્દ્ર સરકાર દ્વારા કોવિડ-૧૯ સામે રક્ષણ આપતી રસીને મંજૂરી આપવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી વેક્સિનને મંજૂરી મળ્યા બાદ દેશના તમામ નાગરીકો સુધી પહોંચાડવા માટે માઈક્રો પ્લાનિંગ કરવામાં આવ્યું છે. જિલ્લામાં કોવિડ વેકસિનેશન માટે સર્વે, સ્ટોરેજ, કોલ્ડ ચેઈનની વ્યવસ્થાઓ સાથે સંપૂર્ણ તૈયારીઓ થઈ ચૂકી છે, ત્યારે આગામી દિવસોમાં વેક્સિનેશનની સંપૂર્ણ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે જે સુવ્યવસ્થિત રીતે પાર પડે તે માટે આજે વેક્સીનેશનની ડ્રાય રન જિલ્લામાં સિવિલ હોસ્પિટલ અમરેલી, રાધિકા હોસ્પિટલ અમરેલી, તાલુકા શાળા અમરેલી, જાળિયા આરોગ્ય કેન્દ્ર અને દહીડા પ્રાથમિક શાળા ખાતે એમ કુલ પાંચ સ્થળોએ કોવીડ-૧૯ વેક્સિનેશન માટે ડ્રાય રનનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા શાળા અમરેલી ખાતે જિલ્લા વિકાસ અધિકારી શ્રી તેજસ પરમાર દ્વારા સમગ્ર પ્રક્રિયાનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ તકે પ્રાંત અધિકારી શ્રી સી. કે. ઉંધાડ તથા આરોગ્ય વિભાગ તેમજ અમરેલી નગરપાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોવીડ-૧૯ વેક્સિનેશન સમગ્ર પ્રક્રિયાનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવશે. મતદાન મથકોની જેમ કોવીડ-૧૯ વેક્સિનેશન માટે બૂથ ઉભા કરવામાં આવશે. આ રસીકરણ માટે વેકસીનેટરોને તાલીમબધ્ધ કરી દેવાયા છે. એક સેન્ટર પરથી એક દિવસમાં ૧૦૦ લોકોને રસી આપવાનું આયોજન કરવામાં આવશે. નોંધનીય છે કે રાજ્ય સરકાર દ્વારા રસી આપવા માટે લાભાર્થીઓના મોડ્યુલ પણ તૈયાર કરી દેવાયા છે આ માટે નાગરિકોએ એડવાન્સ રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે. આ રસીનો ડોઝ અઠ્યાવીસ દિવસમાં બે વખત ૧૪ દિવસના અંતરે લેવાનો રહેશે. રસી લીધા બાદ પણ કોરોના પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે જેમાં માસ્ક પહેરવો, સેનિટાઈઝરોનો ઉપયોગ તથા યોગ્ય સોશિયલ ડિસ્ટન્સનું પણ પાલન કરવાનુ રહેશે. આ માટે નાગરિકોનો પૂરતો સહયોગ મળે એ અત્યંત જરૂરી છે.

## જામનગરના બાવરીવાસમાં રહેતી અસ્થિર મગજની સગર્ભા મહિલાની વહારે રાજકોટની સાથી ટીમ



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૫

જામનગર શહેરમાં બાવરીવાસમાં રહેલી એક સગર્ભા મહિલા જે અસ્થિર મગજની હોવાનું રાજકોટની સાથી ટીમને સોશિયલ મીડિયાના માધ્યમથી જાણ થતાં જામનગર ખાતે દોડી આવ્યા હતા. સાથી ટીમ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી અઘોરી જીવન જીવતા ત્રણ ભાઈ બહેનની મદદ કરવા આવી હતી. જલ્પા પટેલ પોતાની ટીમ સાથે જામનગર દોડી આવ્યા હતા. શહેરમાં ખોડિયાર મંદિર ખાતે ભિક્ષાવૃત્તિ કરતી સગર્ભા મહિલાનો પતિ તેને છોડીને ચાલ્યો ગયો છે અને આ મહિલા ઝૂંપડપટ્ટીમાં રહેલી હોવાનું સાથી ટીમને ધ્યાનમાં આવ્યું હતું. જામનગરમાં અસ્થિર મગજની મહિલાને કરી મદદસાથી ટીમ જ્યારે જામનગર આવી ત્યારે અસ્થિર મગજની મહિલા ખોડિયાર મંદિર ખાતે ભિક્ષાવૃત્તિ કરતી હતી. જો કે મહિલાને ઘરનું સરનામું પૂછતાં કાંઈ જવાબ આપ્યો ન હતો. જે બાદમાં સાથી ટીમે મહિલાનો પીછો કર્યો હતો અને બાવરીવાસમાં તેના રહેણાંક ઘરે પહોંચ્યા હતા. આ અસ્થિર મગજની મહિલા પોતાની નાની સાથે બાવરીવાસમાં રહે છે અને ભિક્ષાવૃત્તિ કરે છે.પરિવારજનો પાસે લેખિતમાં બાંહેધરી લીધીસાથી ટીમે ૧૮૧ની મદદ લઈ અસ્થિર મગજની મહિલાના પરિજનો પાસે લેખિતમાં બાંહેધરી લીધી છે. હાલ અસ્થિર મગજની મહિલા પ્રેગ્નેટ છે એટલે યોગ્ય પોષણ મળી રહે તે માટે તેને પરિવારજનો દ્વારા પૂરતું ધ્યાન રાખવામાં આવે તે જરૂરી છે.

## જામનગરમાં ભૂલા પડી ગયેલા વૃદ્ધાનું પુત્રી સાથે મિલન કરાવતી અભ્યમ્ ટીમ



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૫

જામનગર શહેર સહિત જિલ્લા અને તાલુકામાં ભૂલા પડી ગયેલા, ઘરકંકાસ કે ખોવાઇ ગયેલાઓને ઘર સુધી સહિ સલામત પહોચાડવા અભયમ ૧૮૧ દ્વારા ઉમદી કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે તા. ૧ના શહેરમાં આવેલ મયુર ટાઉનશીપમાં ભુલા પડી ગયેલા વૃધ્ધાનું પુત્રી સાથે મિલન કરાવવામાં આવ્યું હતું. શહેરમાં મયુર ટાઉનશીપમાં ૭૦ વર્ષની આસપાસના એક વૃધ્ધા ભુલા પડી જતાં એક જાગૃત નાગરીક દ્વારા ૧૮૧ ટીમને જાણ કરવામાં આવતા અભયમના કાઉન્સેલર સરલા ભોયા, મહિલા કોન્સ્ટેબ ઈલાબા ઝાલા અને પાયલોટ મહાવીરસિંહ વાઢેર તુરંત ઘટના સ્થળે પહોચી વૃધ્ધાનો કબજો સંભાળી પુછપરછ હાથ ધરવામાં આવતા વૃધ્ધાના દિકરી દિગ્વિજય પ્લોટમાં વિશ્રામ ગાડીમાં રહેતા હોવાની માહિતી મળતા વૃધ્ધાની દિકરીનું ઘર શોધી તેની સાથે વાતચીત કરતા તેની માતા હોવાનું સામે આવતા આ અંગે ૧૮૧ ટીમે ખરાઈ કરવામાં આવી હતી અને માતા વધુ ઉમરના લીધે ભુલા પડી જાય છે અને એકલા રહે છે અને દિકરો કર્ણાટક ગયા હોવાની તમામ માહિતી સામે આવી હતી. આમ ઘરેથી એકલા નિકળી ગયેલા વૃધ્ધાનું દિકરી સાથે મિલન ૧૮૧ ટીમે કરાવ્યું હતું.

## ઓવરબ્રીજ પર બાઈકચાલકે હડેફેટે લેતા રાહદારીનું મોત

ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૫

વાંકાનેર શહેરના સીટી સ્ટેશન રોડ પર આવેલ ઓવરબ્રીજ પર બાઈકચાલકે હડેફેટે લેતા રાહદારીનું મોત થયું હોવાનો બનાવ સામે આવ્યો છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ગત તા. ૨ના રોજ રાત્રીના આઠેક વાગ્યાની આસપાસ વાંકાનેર શહેરમાં આવેલ ઓવરબ્રીજ પર આહમદભાઈ ઉમરભાઈ મીરા (રહે-સીપાઈ શેરી, વાંકાનેર) ચાલીને રોડ ક્રોસ કરતા હતા. ત્યારે મો.સા રજી નં- **GJ 06 FM 0980**ના ચાલકે જીનપરા જકાતનાકા તરફથી પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી નિકળી આહમદભાઈને હડફેટે લઈ રોડ ઉપર પછાડી દેતા તેમને માથાના ભાગે તથા હાથે-પગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મોત થયું છે.

## સાળંગપુર કષ્ટભંજનદેવ મંદીર ખાતે દીવ્ય શાકોત્સવની ઉજવણી કરાઈ



ચક્રવાત ટીમ બોટાદ, તા.૦૫

સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પવિત્ર ધનુર્માસ નિમિત્તે દિવ્ય શાકોત્સવની ઉજવણી કરવામાં આવી.૦૫/૦૧/૨૧ ના રોજ મારૂતિ યજ્ઞ, સવારે ૫-૩૦ વાગ્યે દાદા ની મંગળા આરતી અને સવારે ૭ કલાકે શણગાર આરતીમાં શાકોત્સવ નિમિત્તે વિવિધ શાકો ધરાવવામાં આવ્યાં હતાં. તેમજ આજ થી ભોજનશાળા ની પણ શરૂઆત કરી દેવામાં આવી છે દાદાને આજના પવિત્ર દિવસે સુંદર શણગાર કરવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં રસીકરણ તાલિમ

## જામનગર જિલ્લામાં કોવિડ વેક્સિનેશન માટેની ડ્રાય રન યોજાઈ

### કલેક્ટર, કમિશનર અને જિલ્લા વિકાસ અધિકારીએ સ્થળો પર ડ્રાય રનનું નિરીક્ષણ કર્યું



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૫

જામનગર ખાતે આગામી દિવસોમાં કોવિડ વેક્સિનેશનની કામગીરી સુચારુ રીતે થાય તે માટે આજરોજ ડ્રાય રન યોજાઈ હતી. જામનગર જિલ્લામાં કોવિડ વેકસિનેશન માટે સર્વે, સ્ટોરેજ, કોલ્ડ ચેઈનની વ્યવસ્થાઓ સાથે સંપૂર્ણ તૈયારીઓ થઈ ચૂકી છે, ત્યારે આગામી દિવસોમાં વેક્સિનેશનની સંપૂર્ણ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે જે સુવ્યવસ્થિત રીતે પાર પડે તે માટે આજે વેક્સીનેશનની ડ્રાય રન જિલ્લામાં લાખાબાવળ, ફલ્લા, જાંબુડા, સિક્કા અને વિજરખી તેમજ મહાનગરપાલિકા વિસ્તારમાં સમર્પણ હોસ્પિટલ, જી.જી. હોસ્પિટલ, કૃષ્ણનગર લાલ સ્કુલ શાળા નંબર ૬૦, ખોજાગેટ સ્કૂલ શાળા નંબર ૨૬ અને નીલકંઠનગર યુ.એચ.સી ખાતે યોજાઈ હતી. કલેકટર રવિશંકર, કમિશનર સતીષ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી વિપિન ગર્ગ દ્વારા સ્થળ પર જઈને ડ્રાય રનનું સંપૂર્ણ અવલોકન કરવામાં આવ્યું હતું. આ ડ્રાય રન દરમિયાન સ્ટાફની પ્રતિબદ્ધતા, વેકસીનેશનની સંપુર્ણ કામગીરી, તત્કાળ નિર્ણયશક્તિ દરેક પરિસ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સાથે જ આગામી દિવસોમાં યોજાનાર વેકસીનેશન દરમિયાન લોકોને મૂંઝવતા પ્રશ્ન વિશે પણ સ્થળ પરનાં ડોક્ટર, અન્ય કર્મીઓ દ્વારા પ્રશ્નોના નિરાકરણ કરવામાં આવ્યા હતા.

## વાંકાનેરની સરકારી હોસ્પિટલ ખાતે કોરોના વેક્સિનની ડ્રાય રન યોજાઈ



ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૫

ભારત તથા ગુજરાતમાં આવતા મહિનાથી લગભગ આમ નાગરિકોને કોરોના વેક્સિન આપવાનું શરૂ કરવાની શક્યતા છે ત્યારે આ રસીકરણ વખતે કોઈ ભૂલ કે ગંભીર ક્ષતિ ન થાય તે માટે આગોતરા આયોજન સ્વરૂપે વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે મોરબી જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ અને વાંકાનેર તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા ડ્રાઈ રનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ જેટલા હેલ્થ વર્કરોને કોરોના વેક્સિન આપવાનું સફળતા પૂર્વક ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. વાંકાનેર સિવિલ હોસ્પિટલમાં આજે કોરોના વેક્સિન માટે યોજાયેલી ડ્રાઈ રનના કાર્યક્રમમાં મોરબી જિલ્લા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જે. એમ. કતીરા, જિલ્લા આર. સી. એચ. અધિકારી ડો. વી. એલ.કારોલીયા, જિલ્લા આઈ. ઈ. સી. અધિકારી જી. વી. ગાંભવા, તાલુકા હેલ્થ ઓફિસર ડો. એમ. એ. શેરસિયા સહિતના અધિકારીઓ હાજર રહીને કોરોના વેક્સિન અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. જેમાં વાંકાનેર સિવિલ હોસ્પિટલ ખાતે કોરોના વેક્સિનની ડ્રાઈ રનની સફળતા પૂર્વક કામગીરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા તાલુકા હેલ્થ ઓફિસર ડો. એમ.એ.શેરસિયા, તાલુકા હેલ્થ સુપરવાઈઝર વી. એચ. માથકિયા અને સમગ્ર વાંકાનેર સિવિલ હોસ્પિટલના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

## કોરોનાના દર્દીને સારવાર આપતા તબીબોએ એક પણ રજા ભોગવી નથી



ચક્રવાત ટીમ જામનગર, તા.૦૫

જામનગરની જી.જી.હોસ્પિટલના મેડિસિન વિભાગના વડા અને પ્રોફેસર ડો. મનિષ મહેતા કહે છે કે કોવિડ હોસ્પિટલમાં સારવારની મુખ્ય જવાબદારી મેડિસીન વિભાગ ઉપર હોય છે. જી.જી.કોવિડ હોસ્પિટલનું અત્યારે જે ૯ માળની બિલ્ડીંગ છે તે બિલ્ડીંગ બે વર્ષ પહેલા નવી બની હતી. ત્યાં મેડિસીન વિભાગ બેસતો હતો. પરંતુ માર્ચ ૨૦૨૦થી કોરોનાની મહામારી શરૂ થતાં અમારા મેડિસિન વિભાગે તે બિલ્ડીંગ ખાલી કરીને જૂની બિલ્ડીંગમાં આવી ગયું હતું. આ નવા બિલ્ડીંગને અઠવાડિયામાં જ ૭૨૦ બેડની પથારી ધરાવતી કોવિડ હોસ્પિટલમાં ફેરવી નાખી હતી. જોકે આગળ જતાં ૧૨૦૦ બેડની વિશાળ કોવિડ હોસ્પિટલ પણ બની જાય છે. દરેક બેડ ઉપર ઓકિસજન મશીન, સકશન મશીન, સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવાઈ હતી. મેડીસીન, મેનપાવર ઓવરનાઈટ કરે તેવી વ્યવસ્થાઓ સત્વરે ઉભી કરાઈ હતી. જી.જી.હોસ્પિટલમાં સપ્ટેમ્બર, ૨૦૨૦માં સૌથી વધુ ૬૦૦ દર્દીઓ કોરોનાની સારવાર માટે દાખલ હતા. આંકડો વધે તો દર્દીઓને સારવાર પ્રાપ્ત કરવામાં મુશ્કેલી ના પડે એવી સંભાવનાના કારણે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલના સહયોગથી ૭૨૦ માંથી ૧૨૦૦ બેડ સુધીની સુવિધા વધારી દેવામાં આવી હતી. કોવિડ બેડનો વ્યાપ વધારવા હોસ્પિટલ પાસે ક્ષમતા હતી એટલે આરોગ્ય વિભાગની મંજૂરીથી નવી બિલ્ડીંગમાં ૭૨૦ બેડ, સર્જરી વિભાગનું રિનોવેશન થતાં ત્યાં ૨૩૨ બેડ(આઈ.સી.યુ. સાથે) અને જૂના બિલ્ડીંગમાં ૧૨૦ બેડ કોવિડની સારવાર માટે ફાળવી દેવામાં આવે છે. આમ કુલ ચાર બિલ્ડીંગોમાં કોવિડ હોસ્પિટલ ચાલી રહી છે. ડો. મનિષ મહેતાના જણાવ્યાનુસાર સાત લાખની વસતી ધરાવતા જામનગર શહેરમાં હાલમાં ૧૫૦ જેટલા દર્દીઓ કોરોનાની સારવાર માટે આવતા હોય છે. જેમાંથી સરેરાશ ૨૦ થી ૨૫ દર્દીઓ દરરોજ એડમિટ થતા હોય છે. જે કોરોનાના સંક્રમણ ઘટ્યું હોવાનું દર્શાવે છે. માર્ચ ૨૦૨૦થી આજ દિન સુધી હોસ્પિટલના કોઈ પણ ડોકટર્સ અને રેસિડન્ટ ડોકટર્સએ દિવાળી કે ઉનાળુ વેકેશનની રજા તો નથી જ લીધી. પરંતુ પરચુરણ રજા પણ નથી લીધી. અમારી ટીમ દિવસ રાત દર્દીઓની સેવા માટે જહેમત ઉઠાવી રહી છે. કોવિડ હોસ્પિટલના સહાયક વહિવટી અધિક્ષક અને સર્જરી વિભાગના ડો. અમરીશ મહેતા કહે છે કે મેડિસિન વિભાગના વડા ડો.મનિષ મહેતા અમારા શિક્ષક રહી ચૂકયા છે તેઓ દ્વારા દર્દીઓની સારવાર ઉપરાંત નિસ્વાર્થ ભાવે જૈન સાધુ મુનિઓની પણ સેવા કરી પુણ્ય કમાવામાં આવી રહયું છે. મેડિસીનના જ સિનિયર ડો.મેહઝબીન હિરાણી કહે છે કે અમારા વિભાગના વડા ડો.મનિષ મહેતાના માર્ગદર્શન અને સહકારથી તમામ તબીબો ભાઈચારાના ભાવ સાથે એકબીજાના સંકલનમાં રહીને કોવિડ અને નોન કોવિડના દર્દીઓની સેવા કરી રહયા છીએ. કોવિડ હોસ્પિટલમાં સારવાર માટે ત્રણ વિભાગનું સંકલન હોય છે. જેમાં પહેલુ મેડિસન. બીજુ એનેસ્થેસિયા અને ત્રીજી પલમોનોલોજી. મેડિસન વિભાગના તબીબો દર્દીઓની સારવાર માટે કામ કરે છે. એનેસ્થેસિયા વિભાગ દર્દીઓ માટે ઓકિસજનની સુવિધા ઉપલબ્ધ કરાવે છે. જે દર્દીઓના રિપોર્ટ કોરોના નથી પરંતુ આ દર્દીઓના ફેફસા ડેમેજ-ક્ષતિયુકત અને અને ઓકિસજન જરૂર હોય છે તેને કોવિડ હોસ્પિટલનો પરમોનોલોજી વિભાગ સારવાર આપે છે.મેડિસિન વિભાગમાં ૧૫ કન્સલ્ટન્ટ ડોકટરો અને ૫૦ રેસિડન્ટ ડોકટરો કોવિડ હોસ્પિટલ શરૂ થઈ ત્યારથી દિવસ રાત કામ કરી રહયા છે. દર્દીઓ પણ સારવારનો સંતોષ લઈને ઘરે જાય છે.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

તંત્રીસ્થાનેથી......

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ભાજપની 'પેજ પ્રમુખ' વ્યવસ્થા શું છે?

ગુજરાતમાં વિધાનસભાની આઠ બેઠકોની પેટા ચૂંટણીમાં વિજય મેળવ્યા પછી ભાજપ પેજપ્રમુખની વ્યવસ્થા પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યો છે. ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં જંગી બેઠકો મેળવવા માટે પેજ પ્રમુખની વ્યવસ્થા પર રંગેચંગે કામ થઈ રહ્યું છે. ભાજપના પ્રમુખ સી. આર. પાટીલ આ અંગે પાર્ટીમાં ઝુંબેશ ચલાવી રહ્યા છે. જેના પ્રતાપે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને પણ પેજ પ્રમુખ બનાવવામાં આવ્યા છે. સાંસદો તેમજ ધારાસભ્યો પણ પેજ પ્રમુખ બન્યા છે. સી.આર. પાટીલના ફેસબુક પેજ પર જોશો તો તેમણે અલગ-અલગ પેજ પ્રમુખોની નિમણૂકની તસવીરો અને શુભેચ્છા સંદેશ રજૂ કર્યા છે. જે લોકોએ પેજપ્રમુખ તરીકે પોતાની પેજ સમિતિ તૈયાર કરી છે તેમને સોશિયલ મિડિયાના માધ્યમ થકી સી. આર. પાટીલે જાહેરમાં બિરદાવ્યા છે. પેજ પ્રમુખ અને પેજ સમિતિ પર ભાજપ છેલ્લાં કેટલાંક વર્ષોથી કામ કરી રહ્યો છે. પાર્ટી માને છે કે આ વ્યવસ્થાને લીધે જનસંપર્ક વધ્યો છે અને સરવાળે મતબેન્ક વધી છે. ભાજપ વિવિધ જિલ્લાના દરેક વોર્ડનાં અલગ-અલગ બૂથ અનુસાર પેજ પ્રમુખ તૈયાર કરી રહ્યો છે.એક પેજમાં ત્રીસ મતદાર હોય છે. એક ઘરમાં ત્રણ કે ચાર કે પાંચ મતદાર હોય છે. જો પરિવારને પેજમાં વિભાજિત કરીએ તો એક પેજ પર પાંચથી સાત પરિવાર હોય છે.ટૂંકમાં એક પેજ પર ત્રીસ મતદાર અને પાંચ કે સાત પરિવાર થયા. પેજ પ્રમુખે એ દરેક પરિવારમાંથી એક સભ્ય લેવાનો અને તેને પેજ સમિતિનો સભ્ય બનાવીને તેની સાથે સંપર્ક રાખવાનો. તેથી એ ઘરનું પ્રતિનિધિત્વ થઈ જાય. પરિવારના એક સભ્ય સાથેનો સંપર્ક એટલે એ પરિવાર સાથેનો સંપર્ક થયો કહેવાય. પેજ પ્રમુખે પેજ સમિતિના એ સભ્યના ફોટા, બ્લડ ગ્રૂપ, જન્મતારીખ વગેરે વિગતો મેળવવી પડે. આ વિગતો મેળવીએ એટલે એ સભ્ય સાથે એક આત્મીયતા કેળવાઈ ગઈ કહેવાય. જેથી સરવાળે તેના પરિવાર સાથે આત્મીયતા કેળવાઈ એવું પણ કહી શકાય. આમ પાર્ટી માટે એક જનાધાર ઊભો થાય અને એ મતદાનના દિવસે મતમાં ફેરવાય. મતદાનના દિવસે પેજ પ્રમુખની જવાબદારી રહે છે કે તેઓ પેજ સમિતિના સભ્યોને ટહેલ કરે કે તેઓ તેમના પરિવાર પાસે મતદાન કરાવે જેથી પેજ સમિતિના સભ્યની કોઈ ખાસ જવાબદારી નથી હોતી પરંતુ તેમનું ફક્ત ઇન્વોલ્વમેન્ટ હોય છે. પેજ પ્રમુખની વ્યવસ્થાનો ફાયદો એ છે કે પાર્ટી સાથે જોડાયેલા વર્ગનો સંપર્ક વધુ ગાઢ બને છે. જે વર્ગ પાર્ટી સાથે નથી જોડાયેલો તેમને પાર્ટી તરફ લાવવામાં આ પ્રકારની વ્યવસ્થા મદદરૂપ બને છે. આનો બીજો એક ફાયદો એ પણ છે કે કાર્યકરોને એવું મહેસૂસ થાય છે કે અમે સંગઠન સાથે કોઈ રીતે જોડાયેલા છીએ અને અમારી પણ ભૂમિકા છે. પાર્ટી જ્યારે જીતે ત્યારે તેને પણ એવું લાગે કે વિજયમાં તેનું પણ પ્રદાન છે. સંગઠન માળખાકીય રીતે કેવું કામ કરે છે, એનું માપ પેજ પ્રમુખ અને પેજ સમિતિના તંત્રથી નીકળે છે. કોમ્યુનિકેશન માટે આ પ્રકારની વ્યવસ્થા સારું કામ આપે છે. કોઈ સ્લોગન કે વિચારને તરત વહેતો કરવો હોય તો પેજપ્રમુખ અને પેજ સમિતિનું તંત્ર ઝડપી કામ આપે છે. પેજ પ્રમુખ જે પેજ સમિતિના સભ્યોની યાદી તૈયાર કરે તેમાં તેમનાં નામ, સરનામાં ઉપરાંત મોબાઈલ નંબર, આધાર નંબર, મતદારયાદી નંબર, બ્લડ ગ્રૂપ, જન્મતારીખ તેમજ લગ્નતારીખ નોંધવામાં આવે છે. જેથી પક્ષનો પ્રચાર કરવામાં સરળતા રહે.

યાકુબ બાદી
તંત્રી

# 'Krossing ગર્લ'

## પ્રકરણ 33

સવારે ૮ વાગ્યે ઈશિતા કાકાની કિટલી પર મારી પહેલાં હાજર થઈ ગઈ હતી. એ પગથિયાં પાસે મને જોતાં વર્ષો બાદ મળી હોય એમ ભેટી પડી. સ્ત્રીનો સ્પર્શ પુરુષના ઈગો, સમજદારી, ગુસ્સો અને પુરુષતાન બધું ઓગળી દે. હું પણ પીગળી ગયો. થોડીવાર પછી મારાથી દૂર થઈ ત્યારે તેની આંખોના ખૂણા ભીના હતાં. જે હું પામી ગયો. તે નાટક હતું કે હકીકત ? મારે સમજવા સમયની જરૂર હોય હું ચૂપ રહ્યો. અમે ટેબલ પર ગોઠવાયા. ગરમા ગરમ ગાંઠિયા અને જલેબીનો ઓર્ડર કર્યો..

"ક્રિષ્ના તું હજુ મારાથી નારાજ છે ?" તે મારી સામે એકટીશે તાકી રહેતાં બોલી.

"'નારાજગી પુરુષને ના શોભે. એ સ્ત્રીનું હથિયાર છે.' આવું સાગર કહેતો હોય છે." હું બોલ્યો.

"ક્રિષ્ના, આજે હું ચર્ચા કે રોમાન્સ કરવાના મૂડમાં નથી. તારી સાથે લડવું પણ નથી. મારે તને કશુંક કહેવું છે. મને ખબર છે મેં તને બહુ હર્ટ કર્યો છે. આઈ ડોન્ટ નો...તને આ ગમશે કે નહીં ? પણ આ બહુ ઈમ્પોર્ટન્ટ છે. આ થિંક મારી મેન્ટલ હેલ્થ માટે ..!" તે મુંઝાતા સ્વરે બોલી.

મને સમજાતું નહોતું. અચાનક તેનામાં આટલું પરિવર્તન કંઈ રીતે આવ્યું. આજે તે અલગ હતી. મેં આજ પહેલાં તેને આટલી નેચરલી વાત કરતાં નહોતી ફીલ કરી. મને લાગ્યું તેને મારી જરૂર છે. પણ આ વખતે હું ખોટી હમદર્દી દાખવી ફરીથી ખુદને છેતરવા નહોતો માંગતો. મેં સાવધાનીપૂર્વક કહ્યું."ઈશુ મને નથી સમજાતું તું શું કહી રહી છે. અને મને જ આ બધું શા માટે કહેવા માંગે છે ?"

"કાના, તને ખબર છે હું આવી કેમ બની? મિન્સ રુથલેસ, સ્વાર્થી, જિદ્દી એરોગન્ટ. બટ આ હું નથી.. તને નવરાત્રિની લાસ્ટ નાઈટે મારા ફ્રેન્ડે કીધું હશે ને 'દર નવરાત્રિએ મારો બોયફ્રેન્ડ બદલાય જાય છે." તે રડમસ ચહેરે બોલી.

હું એની વાત સાંભળી સ્તબ્ધ થઈ ગયો. "હા,એ પણ કહ્યું કે તું દર વખતે આવું કોઈ વાંક કે કારણ વગર કરે છે. તને ખબર છે તો આ બધું શા માટે કરે છે ?" હજુ મને તેના પ્રત્યે કોઈ સહાનુભૂતિ નહોતી થતી.

"કાના, આઈ નો હું તારો ટ્રસ્ટ ગુમાવી રહી છું. તને સાચું લાગશે કે નહીં ? આઈ ડોન્ટ નો ! મેં હજુ સુધી કોઈ પાસે મારું હૃદય નથી ખોલ્યું. મારી બેસ્ટી કહેવાતી બેસ્ટ ફ્રેન્ડ્સ પાસે પણ નહીં ? મને ખબર છે. તારી પાસે આ પ્રોબ્લેમનું સોલ્યુશન નથી. મારે તને એકવાર બધું દિલ ખોલીને કહેવું છે. કદાચ, હું ખાલી થઈ જાવ તો ફરીથી જીવી શકીશ." તે બોલી.

મને લાગ્યું ખરેખર તે આજે કશુંક કહેવા માંગે છે. મારા પર વિશ્વાસ રાખી કશું શેર કરવા માંગે છે. "....તું કહી શકે છે. હું સાગર જેટલો હોંશિયાર નથી. બની શકે કે તારી વાત સમજી ના શકું. આમછતાં તારા પ્રોબ્લેમ કે જે હોય તે શેર કરીશ તો મને પણ સાંભળવું ગમશે."

"કાના, આ બધું સાંભળવા કે સમજવા માટે હોંશિયારી નહીં હૃદય જોઈએ. એન્ડ તું સાગરને કેટલો ઓળખે છે ? તું એનાથી ઈમ્પ્રેસ છે. એ કહે એ જ બધું બ્રહ્મસત્ય તું માને છે. એ પાગલ છે. એને લોકોની ફિલીંગ્સની કંઈ પડી નથી. આઈ મિન્સ, એને પર્ફોર્મન્સ જોઈએ. કોઈ માણસની પરિસ્થિતિને લીધે મળેલી નિષ્ફળતાની હકીકત એ સ્વીકારી શકતો નથી. તું એની ભેગો રહી, એના જેવો બની તારી જાતને ખોઈ ના નાખતો. તું એવો નથી એટલે જ તારા પર ટ્રસ્ટ મુકી તારી પાસે હૃદય ખોલી રહી છું." તે બોલી.

મારું નામ બોલાતાં હું ટોકન લઈને ગાંઠિયા લઈ આવ્યો. ઈશિતા એ જલેબીનો કટકો મોઢામાં મુક્યો. મારા જવાબની રાહ જોયા વગર આગળ ચલાવ્યું. "નાની હતી ત્યારથી ઘરમાં મને કોઈ પ્રકારનું બંધન નહોતું. પેરેન્ટ્સનું એક જ ચાઈલ્ડ. એટલે બહુ લાડકોડમાં ઉછરી. માગ્યા કરતાં વહેલું અને વધારે મળતું. સિવાય કે મોમ અને ડેડનો ટાઈમ. બંને જોબ કરતાં. હું પરિવાર કરતાં નોકરો અને ગેજેટ્સ સાથે ઉછરી એમ કહી શકું. મારા અસલી દોસ્તો કોમિક્સના સુપરહીરો, ફિલ્મના હીરો, હિરોઈન કે પછી બુક્સના કોઈ કેરેક્ટર હતાં. એ બધાએ મને સતત પોઝિટિવ વાઈબ્સ આપ્યા. કહેવાતાં એથીક્સ હું તેમની પાસેથી શીખી. હું માનતી થઈ ગઈ કે 'આપણે સારા એટલે જગ સારું.' મારા ફ્રેન્ડ્સને એમ લાગતું હું દુનિયાની સહુથી સુખી છોકરી છું. મિડલકલાસ ફેમિલી જરૂરિયાતો માટે સંઘર્ષ કરતાં હોય છે. જ્યારે મારી પાસે એ બધી સુવિધા હતી. હું હૂંફ, પ્રેમ, કેર કે એ બધું જે મને હ્યુમન હોવાની ફિલીંગ્સ આપે એ મેળવવા સંઘર્ષ કરી રહી હતી. તું સમજી શકે છે ? યાર, તમે પેરેન્ટ્સ પાસે નેચરલ ફીલના કરી શકો ? એની સાથે તમારા પ્રોબ્લેમ શેર ના કરો તો કોની સાથે કરો ?" તે આજે વરસવાના મૂડમાં હતી.

મારો તેને રોકવાનો કોઈ ઈરાદો નહોતો. હવે મને પણ તેની બેકસ્ટોરી સાંભળવામાં રસ જાગ્યો હતો. "એટલે કે તને મા-બાપ નો પ્રેમ ના મળ્યો એટલે તું આવી છો ? ચાલ માની લઈએ તેમનો વાંક છે. બટ હવે તો તું સમજદાર છે. તારા પ્રોબ્લેમ સમજીને ધારે તો તારામાં ના ગમતી બાબત સુધારી શકે ને ?" હું ગાંઠિયા ખાતાં બોલ્યો.

"કાના, માણસ કોઈ મશીન નથી જેવી ડાઇ ડિઝાઇન કરો એવી પ્રોડક્ટ નીકળે. તને ખબર છે પેરેન્ટ્સને એમ લાગે છે. એનું કામ બાળકને મોટાં કરવાનું છે. એ જાતે સમજતું થાય એટલે એની જવાબદારી પુરી.

પેરેન્ટ્સ ભૂલી જાય છે. એનું મેઈન કામ બાળકને કેળવણી આપવાનું છે. એ સમજતું થઈ જશે એટલે આપ મેળે શીખવા લાગશે. જો પેરેન્ટ્સ એને સાચું કે ખોટું નહીં શીખવાડે તો એ બીજા કોઈ પાસેથી શીખશે. એ અટકશે નહીં. ત્યારે એની ઉંમર કશું જાણ્યા,સમજ્યા કે વિચાર્યા વગર બધું માની કે સમજી લેવાની હોય છે." તે શ્વાસ લેવા અટકી.

ગાંઠિયાના ખાતાં હું એને શાંતિથી સાંભળી રહ્યો હતો. મને આજે હું અચાનક મોટો થઈ ગયો હોય એવું લાગતું હતું. તેને આગળ ચલાવ્યું.

"મારી સાથે પણ આ જ થયું. હું ફ્લેટના બંધિયાર કલ્ચરમાં ઉછરી. વર્ષમાં બે ઈન્ડિયા ટ્રીપ અને એક ફોરેન ટ્રીપ થતી. એમાં લક્ઝુરિયસ લાઈફસ્ટાઈલના શો ઓફ સિવાય બીજું કશું નહોતું. હું ઓલવેઝ હાફ રહી. દેશી ભાષામાં કહું તો અધકચરી. નોલેજ,એથીક્સ, રિલેશનશીપ. ઈવન માણસ સાથે કેમ વર્તવું તેની કશી ગતાગમન હોતી. માંગ્યા વગર બધું મળ્યું એટલે ક્યારેય કોઈ વસ્તુની સાચી કિંમત સમજાણી જ નહીં. પ્રાઈઝલેસ રિલેશનની પણ નહીં. કાના એવું ના બની શકે કોઈ આઈટમની જેમ માણસને પણ પ્રાઈઝ ટેગ હોય. જેથી મારા જેવા નાદાનને તેની સાથે કેમ ડીલ કરવી એ ખબર પડે !" એ અટકવાનું નામ નહોતી લેતી.

હું બોલવા ગયો ત્યાં મને ચૂપ રહેવાનો ઈશારો કરતાં બોલી. "વેઈટ, હજુ બાકી છે. ડોન્ટ વરી, હવે બહુ લાબું નથી ગાંઠિયા પુરા થઈ જશે ત્યાં મારી વાત પણ પુરી થઈ જશે. હા તો.... હું આ રીતે કોલેજમાં આવી. અહીંથી લાઈફનો ટર્નિંગ પોઈન્ટ શરૂ થયો. હું બદલાઈ ગઈ. સાવ અચાનક જ. અત્યાર સુધી જે સવાલો અને ફિલિંગ્સ અંદર દબાઈ રહ્યા એ સ્પ્રીંગની જેમ ઉછળીને બહાર આવ્યા. હવે મારે એ બધું ફક્ત જાણવું નહોતું. ફીલ કરવું હતું. પૈસાનો પ્રોબ્લેમ નહોતો. ઘરે કોઈને જવાબ દેવાનો પણ નહીં. પેરેન્ટ્સ માટે ઉંમર સહજ એન્જોયમેન્ટ હતું. અને મારા માટે......આઈ ડોન્ટ નો. મારી પાસે આ વર્ષો માટે કોઈ શબ્દો નથી."

તેની આખી જર્નીમાં પ્રોબ્લેમ ક્યાં હતો એ હું સમજી શકતો નહોતો. મને અચરજ થતું હતું હું આ બધું શા માટે સાંભળી રહ્યો હતો. ગાંઠિયા પુરા થવા આવ્યા હતાં.

"મેં આ વર્ષોમાં કમ્પ્યુટરની મેમરી હેંગ થઈ જાય એટલી યાદો બનાવી. બેફામ બનીને જીવી ગઈ. જેટલું હતું એટલું બધું ઠાલવી દીધું. સ્ટડી, દોસ્તી, પ્રેમ, ડાન્સ, દારૂ, ડ્રગ્સ, કોમ્પિટિશન, ટ્રેકિંગ, પાર્ટી એન્ડ સેક્સ. તને કિસ્સા સંભળાવું તો મારી સાથે નફરત થઈ જશે. હું શું કરી રહી છું એનું ભાન જ નહોતું. ફ્રેન્ડ્સને મારા પૈસે એન્જોય કરવા મળતું હતું એટલે ક્યારેય અટકાવી નહીં. મારે જે જોઈએ એ બધું હું મેળવીને રહેતી. કોઈપણ રીતે. યુ અન્ડરસ્ટેન્ડ, હું ક્યાં રસ્તે જઈ રહી હતી ? ક્યાં પહોંચવું હતું કશું ભાન નહોતું ? હું સતત કોઈને મારા પોતાના બનવવા માટે ટ્રાય કરતી. મને એવા બોયસ પણ મળી રહેતાં. પૈસાના પાવર સાથે મારામાં તેમનું એટ્રેકશન ખતમ થઈ જતુ. મેજોરીટી બોયસને મારા પૈસા અને શરીરમાં રસ હતો. જે મારા રિયલ ફ્રેન્ડ્સ હતાં એ બધાને મેં હાથે કરીને ગુમાવ્યા. મારા આઉટ ઓફ કન્ટ્રોલ હોવાને લીધે. હું સતત પ્રવાસ કરીને થાકી ગઈ હતી. કંટાળી ગઈ હતી. એકધારા એન્જોયમેન્ટથી. યુ નો, લાઈફમાં થ્રિલ જેવું કશું હતું જ નહીં. હું કોલેજમાં એક ચાલુ આઈટમ તરીકે નામચીન હતી. જેને કોઈપણ છોકરો ધારે તો થોડો રોમેન્ટિક અને ઈગોસ્ટિક થઈ પથારી સુધી લઈ જઈ શકે. જો કે બહુ ઓછા એમાં સક્સેસ ગયા. મને બદનામ થઈને જો પ્રેમ અને હૂંફ મળતાં હોય તો હું એ માટે પણ તૈયાર હતી. મને એની સાચી કિંમત સમજાઈ ગઈ હતી. એન્ડ કલાઈમેક્સમાં મને અચાનક જ સાગર મળ્યો. પછી બધું બદલાઈ ગયું." તે ગાંઠિયાનો છેલ્લો ટુકડો મોં માં મુકતાં બોલી.

તે મારી સામે જોઈ રહી." પછી શું થયું ?" મેં જલેબીનો છેલ્લો કટકો મોંમાં મુકતાં પૂછ્યું.

"એ જ... જે હવે તારી સાથે થવાનું છે."તે ઉભી થતાં બોલી.

હું ચોંકી ઉઠ્યો."હે ! શું થવાનું છે મારી સાથે ?"

"જર્નાલિસ્ટ છું. સાગરે શીખવ્યું છે કંઈ લીધા વગર કશું આપવું નહીં. તને ખબર છે. મારે શું જોઈએ છે ? બસ, મારી જેમ 'આઉટ ઓફ કન્ટ્રોલ'ના થતો. તું ધારે તો દિવાળી વેકેશન પછી જવાબ મળી શકે. ગુડબાય. એન્જોય યોર વેકેશન" મારા જવાબની રાહ જોયા વગર તે ઉભી થઈ ચાલવા માંડી.

(ક્રમશઃ)

Mo. & wtsp - 88666 09807
ravivir2020@gmail.com

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૬-૦૧-૨૦૨૧, બુધવાર, માગશર વદ-૮, સૂર્યોદય-૭-૨૯, સૂર્યાસ્ત-૬-૧૫, જૈન નવકારશી-૮-૧૭, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ હસ્ત

**- શુભ ચોઘડીયા -**

૭-૨૯થી લાભ-અમૃત-૧૦-૧૧ સુધી ૧૧-૩૨ થી શુભ-૧૨-૫૩ સુધી, ૧૫-૩૫થી ચલ-અમૃત-ચલ૧૮-૧૭ સુધી , ૧૯-૫૬થી શુભ-અમૃત-ચલ-૨૪-૫૩ સુધી

**- શુભ હોરા-**

૭-૨૯થી ૯-૧૭ સુધી,૧૦-૧૧થી ૧૧-૦૫ સુધી,૧૨-૫૩ થી ૧૫-૩૫ સુધી,૧૬-૨૯થી ૧૭-૨૩ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- મિલન મુલાકાતની ઈચ્છા યેનકેન પ્રકારે ફળવાની - વ્યર્થ દલીલ બાજી ટાળજો પ્રવાસની ઈચ્છા ફળવાની.

» વૃષભ(બ.વ.ઉ.) :- નોકરીમાં કોઇ મનગમતો લાભ મળે વિજાતીય વ્યકિતની મુલાકાત થાય કર્જ માં રાહત રહે.

» મિથુન(ક.છ.ઘ.) :- મિથુન : ભાઇ-બહેનો સાથે ધંધાનું આયાજન થાય નોકરીમાં બદલીની શકયતા શેર સટાથી દૂર રહેજો.

» કર્ક(ડ.હ.) :- તમારો ચાર્મ જળવાઇ રહેવાનો વિદેશથી સમાચાર આવે માનસિક ટેન્શન પણ રહેવાનું આત્મ વિશ્વાસમાં વધારો.

» સિંહ(મ.ટ.) :- બીજાને મદદ કરવાની ઇચ્છા ફળવાની વિરોધીઓથી સાવધાની રાખવી કર્જ ન કરવુ. પ્રવાસ થાય.

» કન્યા(પ.ઠ.ણ.) :- મહત્વના કાર્યો બીજાને ભરોશે ન છોડતા આત્મ વિશ્વાસ જાળવી રાખજો. નોકરીમાં સ્થીરતા રાખવી.

» તુલા(ર.ત.) :- કાર્ય શકિત વધવાની છે. રોજીંદા કાર્યમાં અનુકુળતાઓ જોવા મળે. શેર સટામાં લાભ રહે લાંબા ગાળાનું આયોજન કરવું.

» વૃશ્ચિક(ન.ય.) :- સગા-સ્નેહીજનો સાથે ગેર સમજો દુર થાય. શેર સટામાં જાળવવું વિદેશ સાથેના વ્યવસાયમાં નવુ આયોજન સફળ થાય.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવે મિલકતના પ્રશ્નોમાં અનુકુળતા રહે. લગ્ન જીવનમાં ગેર સમજો બાબત તકેદારી રાખવી.

» મકર(ખ.જ.) :- સંતાનોની સગાઇ લગ્નના કાર્યોમાં અવરોધો દૂર થાય મનગમતી વ્યકિતની મુલાકાત થી લાભ પ્રવાસમાં અનુકુળતા

» કુંભ(ગ.શ.સ.) :- આરોગ્યના પ્રશ્નોમાં સફળતા મળવાની નવી મિત્રતા લાભદાયક રહેશે. જમીન મકાનની ખરીદીની ઇચ્છા ફળવાની.

» મીન(દ.ચ.ઝ.) :- સામાજીક પ્રતિષ્ઠા બાબત સંઘર્ષનો સામનો રહેવાનો નોકરીમાં સ્થીરતા રાખવી. સ્થળાંતરની ઇચ્છા પ્રબળ થાય.

# સિક્યોરિટી ડિપોઝીટના નામે ગ્રાહકો સાથે છેતરપિંડી (ભાગ-૩)

મવિજકંપનીઓમાં ઉપલા લેવલે અધિકારીઓને મલાઈ અને ગ્રાઉન્ડ લેવલે કામ કરતાં નાના કર્મચારીઓનું શોષણ.

લેખાંક-૩ વાંચવાની શરૂઆત કરતાં પહેલા ઉકત વિષય સંબંધિત લેખાંક-૧ અને ૨ નું વાંચન કરી લેવું ખૂબ જરૂરી છે. અગાઉના લેખોમાં મે જણાવ્યુ એ મુજબ વિજકંપનીઓ એક જ ગ્રાહક નંબર પર એકથી વધુ ગ્રાહકો પાસેથી સિક્યોરિટી ડિપોઝીટની રકમ જમા લે છે. જૂના મકાનમાલિકને તેમણે ભરેલી સિક્યોરિટી ડિપોઝીટની રકમ સામેથી પરત આપવામાં આવતી નથી કે તેમને આ બાબતે જમા સિક્યોરિટી ડિપોઝીટની રકમ પરત મેળવવા માટે કંપની તરફથી કોઈ જાણશુધ્ધા કરવામાં નથી આવતી.



કેટલીયે કચેરીઓમાં નવા મકાનમાલિક પાસે ડીફરન્સના પૈસા ભરાવવાને બદલે નવું મીટર કનેક્શન ગણીને પૂરો ચાર્જ વસૂલવામાં આવે છે. આ પ્રકારની પોલિસી પાછળનું મુખ્ય કારણ માત્ર ગ્રાહકોને છેતરવાની વૃતિથી વિશેષ કઈ હોય એવું લાગતું નથી. આપણી મુહિમ ગ્રાહકોને આ બાબતે જાગૃત કરવાની દિશામાં છે. સાથોસાથ વિજકંપનીઓ જે પોલિસી પર કામ કરી રહી છે તેમાં પણ બદલાવની જરૂર છે. સૌથી પહેલા આપણે આ વીજકંપનીઓ વિશે ટૂંકમાં સમજીએ.

કેટલાક વર્ષો પહેલા ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડ (GEB) નું વિભાજન કરવામાં આવ્યું. વિભાજન બાદ વડી કંપની તરીકે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) કાર્યરત છે કે જેનું મુખ્ય કાર્યાલય વડોદરા ખાતે આવેલું છે. તેની અન્ય છ સહાયક કંપનીઓ તરીકે PGVCL, UGVCL, DGVCL, MGVCL, GETCO અને GSECL નો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્ય વીજળી નિગમ લિમિટેડ કંપની (GSECL) નું કામ ગુજરાત રાજયમાં પાવરનું ઉત્પાદન કરવાનું છે. તેણે ઉત્પન્ન કરેલ પાવર અન્ય ચાર વિતરણ કંપનીઓ PGVCL, UGVCL, DGVCL અને MGVCL સુધી પહોંચાડવાનું કામ ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (GETCO) કંપની કરે છે. તમામ નીતિવિષયક નિર્ણયો મોટાભાગે GUVNL દ્વારા લેવામાં આવતા હોય છે.


ચિંતન વૈષ્ણવ
'જાગતે રહો'

આ તમામ કંપનીઓના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે આઈ.એ.એસ. અધિકારીઓને ગુજરાત સરકાર દ્વારા નિમણૂંક અપાતી હોય છે. આમ તો વીજકંપનીઓની નીતિઓ સામે ખેડૂતોને વારંવાર ફરિયાદો રહેતી જ હોય છે. તેમ છ્તા રહેણાંક મકાનોના કનેક્શન તેમજ કોમર્શિયલ વિજજોડાણોમાં પણ ઘણી વખત ગ્રાહકોને પ્રશ્નો ઉદભવતા રહેતા હોય છે. આવા કોમન પ્રશ્નો અને તેને લગત રજૂઆતો કરવા બાબતે મોટાભાગે ગ્રાહકો જાણકાર હોય છે. પરંતુ સિક્યોરિટી ડિપોઝીટનો આ મુદો એવો છે કે જેનાથી મોટાભાગના ગ્રાહકો અજાણ જ છે. મારા માનવા મુજબ વિજકંપનીઓએ આમઆદમીને લાગુ પડતી પોતાની સિક્યોરિટી ડિપોઝીટની પોલિસીમાં તાત્કાલિક ફેરફાર કરવો જોઈએ.

સૌથી પહેલા તો એક સ્ટાન્ડર્ડ નિયમ બનાવવાની જરૂર છે કે કોઈપણ વ્યક્તિ મીટર કનેક્શનમાં નામ બદલવાની અરજી કરે એટ્લે એ નિયત અરજીફોર્મમાં જ જૂના મકાનમાલિકનું સિક્યોરિટી ડિપોઝીટ નવા મકાનમાલિકને ટ્રાન્સફર કરી આપવાનું સંમતિ પ્રમાણપત્ર સામેલ હોવું જોઈએ. જેથી કરીને એક જ ગ્રાહક નંબર ઉપર એકથી વધારે લોકોના પૈસા જમા રહે નહીં. કારણકે કંપની વર્તમાન ગ્રાહકને તેની જમા સિક્યોરિટી ડિપોઝીટની રકમ ઉપર વ્યાજ આપે છે પરંતુ તે જ પ્રોપર્ટીના જૂના ગ્રાહકની સિક્યોરિટી ડિપોઝીટ પર વ્યાજ આપતી નથી. તો વગર વ્યાજે કોઈ ગ્રાહકની રકમ જમા રાખવી એ સરકારી કંપનીઓ માટે વ્યાજબી ગણાય નહીં.

કંપનીઓ એવું પણ કરી શકે કે જ્યારે નવો મકાનમાલિક પોતાનું નામ મીટર કનેક્શનમાં ચડાવવા અરજી કરે ત્યારે જૂના મકાનમાલિકને જે-તે કચેરી લેખિતમાં પોતાની જમા સિક્યોરિટી ડિપોઝીટની રકમ પરત લઈ જવાનો યાદીપત્ર પાઠવી આપે. રેવન્યુ તંત્રએ આ બાબતે સરસ પહેલ કરી છે. કોઈપણ મામલતદાર કચેરીના ઈ-ધરા કેન્દ્ર ખાતે ખેડૂત પોતાની જમીનને લાગત ફેરફાર નોંધ દાખલ કરવા અરજી આપે એટ્લે દરેક તબક્કે તેને પોતાના મોબાઈલ નંબર પર મેસેજથી ફેરફાર નોંધ વિશે માહિતી મળતી રહે છે. તો પછી વીજકંપનીઓ પણ જૂના મકાનમાલિકના મોબાઈલ નંબર પર ટેક્સ્ટ મેસેજથી પોતાની સિક્યોરિટી ડિપોઝીટની જમા રકમ પરત લઈ જવાની જાણ કરી શકે.

# ગુસ્સો : કરવાનો કે દબાવી રાખવાનો

**(ગતાંકથી શરૂ)** ૪. પોતાની જાત પર એવું બંધન લાદવું કે મને મારો ગુસ્સો રોકવામાં સફળતા મળશે ત્યારે હું મારી અમુક ચોક્કસ મનગમતી ચીજ હું મને આપીશ અને ગુસ્સો રોકી ન શકાય ત્યારે એનાથી વંચિત રહીશ.

૫. કોઈકની; ખાસ કરીને મનગમતી વ્યક્તિની વર્તણૂકની પ્રતિક્રિયારૂપે આવતા ક્રોધમાંથી પ્રગટતા શબ્દો એ વ્યક્તિને ગુસ્સામાં કહેવાને બદલે ગુસ્સો શાંત થઈ ગયા પછી એ જ વાત હસતા હસતા કહી શકાય.

૬. આ જિંદગી, આ દુનિયા અને આસપાસના તમામ લોકો આપણી ઈચ્છા મુજબ ચાલે એ અશક્ય છે. આટલું સત્ય સ્વીકારીને મન ઘણું સ્વસ્થ બની શકે.

૭. ક્રોધ પ્રગટ થશે તો એનાં માઠાં પરિણામ કયાં કયાં આવશે એ વિશે વાકેફ રહેવું.

૮. વ્યાયામ, યોગાસન, ધ્યાન, સ્નાયુઓ હળવા કરવાની રિલેક્સેશનની કસરતો વગેરેથી મનને કાબૂમાં રાખવાના પ્રયત્નો કરવા.

૯. નજીકની વ્યક્તિઓને ક્રોધ કાબૂમાં રાખવા સાથે લઈ શકાય. એમને કહી દેવાનું કે અમુક વ્યક્તિની અમુક બાબતે હું સખત ગુસ્સે છું. અને તમારો સાથ લઈને ગુસ્સાને કાબૂમાં રાખવા પ્રયત્નશીલ છું. અણીને સમયે મન હળવું કરવાથી પણ ફાયદો થતો હોય છે.

૧૦. ક્યારેક માણસ પોતાની અસમર્થતા બીજા આગળ તેમ જ પોતાની સમક્ષ ઉઘાડી પડી જતાં ક્રોધે ભરાય છે. ઈચ્છિત વસ્તુ ન મળવાથી ક્રોધ ભરાતો હોય છે. આવા સમયે ક્ષણભર રોકાઈને વિચારવું કે ઈચ્છિત વસ્તુ મેળવવાની આપણી પાત્રતા છે? અને જો એવું લાગતું હોય કે હા, પાત્રતા છે તો વિચારવું જોઈએ કે કઈ પરિસ્થિતિ એ વસ્તુને નજીક આવતા રોકી રહી છે? એ પરિસ્થિતિ પર આપણો કાબૂ છે? અસમર્થતા પ્રગટ થઈ જતાં જે હતાશા ઘેરી વળે છે તે ક્રોધરૂપે પ્રગટ થાય છે. આવા સમયે આપણી અસમર્થ પરિસ્થિતિ શેના કારણે સર્જાઈ તે સમજીને એનો સ્વીકાર કરવો જોઈએ.

આવેશ દ્વારા વ્યક્ત થતો ક્રોધ વ્યક્તિને પોતાને જ નુકસાનકારક પુરવાર થતો હોય છે. તત્ક્ષણના સંયમ પછી વ્યક્ત થતો ગુસ્સો પોતાને તો એ નુકસાનમાંથી બચાવી જ લે છે, સામેની વ્યક્તિને પણ પોતાનામાં રહી ગયેલી ખામીઓ સુધારવાની તક આપે છે. કોઈક પરિસ્થિતિમાં સર્જાયેલી મડાગાંઠ આવેશવાળા ગુસ્સાથી ઉકલવાને બદલે વધુ સખત બની જાય છે. ભવિષ્યમાં એ ગાંઠ ઉકલી પણ જાય તોય પેલી વિકટ પરિસ્થિતિનો સામનો કરવામાં અનેકગણી શક્તિઓ ખર્ચાઈ જાય. આવેશને સંયમમાં રાખવાનું કામ આના કરતાં ઘણી ઓછી શક્તિએ કરી શકાય અને આ કામ દેખાય છે એટલું અઘરું નથી.


અજય પરમાર
લેખક

આવેશને વાળવા માટેનો ઉત્તમ ઉપાય જે બાબતે ગુસ્સો પ્રગટયો હોય એ વિશે વિચારવાનું બંધ કરી દેવાનો નથી. વિચાર ચોક્કસ ચાલુ રાખવો, પણ એ વિચારની પ્રક્રિયાને લાગણીના રસ્તે લઈ જવાને બદલે તર્ક કે બુદ્ધિના માર્ગે વાળી લેવી. કોઈકનું વર્તન તમને અયોગ્ય લાગે ત્યારે ગુસ્સે થવાનો તમને હક્ક છે, પણ આવું વર્તન કરવા પાછળના એના કારણો વિશેની પૂરતી માહિતી કે હકીકતો તમારી પાસે તે ક્ષણે ન હોય તે શક્ય છે અને શક્યતા એ પણ ખરી કે ઘાંટા પાડીને, દલીલો કરીને તમે એ કારણો જાણવાની કોશિશ કરો છો ત્યારે તમારી ધાકને કારણે વ્યક્તિ તમને પૂરતી માહિતી આપવાને કે યોગ્ય સંદર્ભો સમજાવવાને અસમર્થ બની જાય.

ગુસ્સો ક્યારેય દાબવો નહીં, માત્ર ખાળવો અને કોઈક બીજા રસ્તે વાળી દેવો. દાબી દીધેલો ગુસ્સો શક્ય છે કે કોઈક અન્ય પ્રકારે ફૂટી નીકળે. મનમાં ધૂંધવાયા કરવાને બદલે એ ધુમાડો બહાર નીકળી જાય એ જ સારું. પણ વધારે સારું એ કે બહાર નીકળતો આ ધુમાડો ચારેકોર પ્રસરી જાય એ રીતે બહાર નીકળે એને બદલે ચીમની કે ધુમાડિયા વાટે ફેંકાઈ જાય. જેમની પાસે આવી ચીમની નથી હોતી એમના વ્યક્તિત્વની દીવાલો પેલા પ્રસરી જતા ધુમાડાની મેશથી કાળી બની જતી હોય છે. દરેક ઘરમાં જેમ એક મોરી કે ખાળ હોવી જરૂરી છે એવી રીતે દરેક માણસમાં આવી ચીમની પણ અનિવાર્ય છે. ભગવાને ભૂલ એ કરી છે કે એણે માણસને ઘડતી વખતે સ્ટાન્ડર્ડ ફિટિંગ્સમાં ચીમનીનો સમાવેશ નથી કર્યો. આવી એક્સ્ટ્રા એક્સેસરી વ્યક્તિએ જાતે બેસાડી લેવાની હોય, કારણ કે ગુસ્સો બત્રીસલક્ષણા માણસ માટેનું તેત્રીસમું આભૂષણ છે.

# ધુલેના એક યુવાને પોતાના કાંડાની નસ કાપ્યા પછી ફેસબુક પર થયો લાઈવ

## આયર્લેન્ડના એફબી અધિકારીઓએ જીવ બચાવ્યો

ચક્રવાત ટીમ, મુંબઈ, ૫

ફેસબુક પર લાઈવ આવીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કરી રહેલા મહારાષ્ટ્રના ધૂલેના એક યુવકની જીંદગી આયર્લેંડ્ના અધિકારીઓએ બચાવી હતી. મળતી માહિતી મુજબ ફેસબુકના આયર્લેંડ્ના કર્મચારીઓની એક યુવક આત્મહત્યા કરવાનો પ્રયાસ કરી રહ્યો હોવાનું જાણમા આવ્યુ હતુ. અધિકારીઓએ તાત્કાલિક મહારાષ્ટ્ર પોલીસનો સંપર્ક કર્યો.હતો.આ પછી સ્થાનિક પોલીસ કાર્યવાહી કરીને આત્મહત્યા કરી રહેલા યુવકને બચાવી લીધો હતો.

માહિતી આપતાં એક અધિકારીએ જણાવ્યું કે ૨૩ વર્ષીય યુવક ધૂલે પોલીસ સાથે જોડાયેલા હોમગાર્ડનો પુત્ર છે. રવિવારે સાંજે તેણે પોતાનું કાંડાની નસ કાપી નાખીને તે સમ્રગ ઘટના ફેસબુક પર લાઈવ કરતો હતો. તેમણે કહ્યું કે રવિવારની રાત્રે આઠ વાગ્યે ૧૦ મિનિટે આયર્લેન્ડના ફેસબુક અધિકારીઓનો ફોન કોલ મુંબઈની ડિસીપીએ (સાયબર) રશ્મિ કરંદીકરને આવ્યો હતો.૨૫ મિનિટમાં જ તેની ટીમે તે યુવાનને શોધી લીધો.

અધિકારીએ જણાવ્યું કે યુવક ધૂલે કી ભોઈ સોસાયટીમાથી આત્મહત્યા કરવાની સમગ્ર ઘટના ફેસબુક પર લાઈવ કરતો હતો. આ પછી, સ્થાનિક પોલીસને માહિતી આપવા ઉપરાંત, નાસિક રેન્જના પોલીસ મહાનિર્દેશક પ્રતાપ દિઘાવકર અને ધુલેના પોલીસ અધિક્ષક ચિન્મય પંડિતને પણ માહિતી આપવામાં આવી હતી. સ્થાનિક પોલીસ રાત્રે નવ વાગ્યે યુવાનના ઘરે પહોંચી હતી.

ચિન્મય પંડિતે જણાવ્યું કે યુવકને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો અને સોમવારે તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. તેને કાઉંસલિંગ કરવામા આવશે. પંડિતે જણાવ્યું હતું કે, ડીસીપી કરંદીકરે યુવક વિશેની તમામ તાંત્રિક વિગતો આપી હતી અને અમે તાત્કાલિક પગલા લીધા હતા અને તેમનો જીવ બચાવ્યો હતો.

# છૂટાછેડા આપવાનું નકારતા પતિની હત્યા પત્ની સહિત બે જણને જન્મટીપની સજા

## છ વર્ષની પુત્રીએ આપેલ માહિતી અને પૂરાવાને આધારે સજા

ચક્રવાત ટીમ, મુંબઈ, ૫

છૂટાછેડા આપવાનું નકારનાર પતિની સાથીદારની સહાયે હત્યા કરનાર રૂકયા ખાન (૨૬) અને શરીફ ઉર્ફ ચિપી અશરફ શેખ (૩૨) બંન્ને જણને થાણાની સેશન્સ કોર્ટે જન્મટીપની સજા ફટકારી છે. જ્યારે ત્રીજા આરોપીને પૂરાવાના અબાવે નિર્દોષ છોડી મૂકવામા આવ્યો છે. થાણના વિટાવા ખાતે મહાદેવ નિવાસમા રહેતી રૂકયા એક બારમા કામ કરતી હતી,ત્યાં એક જણ સાથે તેનો અનૈતિક સબંધ હોવાની શંકા તેના પતિ બહાદુર (૩૨)ને હતી. જેને લઈને બંન્ને વચ્ચે થતા ઝઘડાઓથી ત્રાસી તેણીએ છૂટાછેડાની માગણી કરી હતી જે નકાર્યુ હતુ. તેમજ ડ્રાન્સબારમા કામ કરવાની મનાઈ તેમજ છૂટાછેડા ન આપતા અંતે તેણીએ એક સાથીદારની મદદ વડે પતિનો કાયમ માટે કાંટો કાઢી નાખવાનું નક્કી કર્યુ હતુ. તે પ્રમાણે શરીફ, અને ધનરાજની મદદ વડે ૧૪ ઓક્ટોમ્બર ૨૦૧૪ના રોજ પતિ બહાદુર ઘરમા સૂતો હતો,ત્યારે નાયલોનની દોરી વડે ગળુ દાબી તેની હત્યા કરવામા આવી હતી. પૂરાવા નષ્ટ્ર કરવા માટે લાશ છત પર લટકાવવામા આવી હતી. પતિએ આત્મહત્યા કર્યાની જાણ તેણીએ કલવા પોલિસને કરી હતી. પરંતુ ઘટના સમયે હાજર છ વર્ષની પુત્રીએ આપેલ માહિતીને અધારે તેમજ પોસ્ટમોર્ટમ રિપોર્ટને આધારે પોલિસે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. તેમજ રૂક્યા, શરીફ અને નોકર ધનરાજની પોલિસે ધરપકડ કરી હતી.

# મહારાષ્ટ્ર ભાજપના નેતા ગિરીશ મહાજન પર પૂનામાં ગુનો દાખલ

## જળગાંવના વકિલનું અપહરણ કરી પાંચ લાખની ખંડણી વસુલી

ચક્રવાત ટીમ, મુંબઈ, ૫

ભાજપની સરકારના સમયમા મહેસુલ મંત્રી રહી ચૂકેલા ગિરીશ મહાજન સહિત જળગાંવ જિલ્લાના વકિલનું અપહરણ કરી પાંચ લાખની ખંડણી વસુલ કરવાના કેસમા પૂણે પોલિસ મથકમા ૨૮ વ્યક્તિઓ પર ગુનો નોંધાયો છે. આ ઘટનાને કારણે ભાજપમા હડકંપ મચી ગયો છે.

જળગાંવ જિલ્લા મરાઠા વિધ્યાપ્રસારક મંડળના સંચાલક અને વ્યવસાયે વકિલ આ કેસમા ફરિયાદી છે. જાન્યુઆરી ૨૦૧૮થી ૨૦૨૧ના સમયગાળા દરમિયાન આ ઘટના બની હતી.જળગાંવ જિલ્લા મરાઠા વિધ્યાપ્રસારક સહકારી સમાજ મર્યાદિત સંસ્થાના એક સંચાલકનું અપહરણ કરી પૂણેની સદાશિવ પેઠના એક ફ્લેટમા બંધક બનાવાયો હતો.ગળા પર ચાકુ રાખી રાજીનામુ આપવા જણાવાયુ હતુ, તેમજ પાંચ લાખ રૂપિયાની ખંડણી વસુલ કરવામા આવી હતી. આ પ્રકરણ અહિથી અટક્યુ ન હતુ. ત્યાર બાદ જળગાંવ જઈ સંસ્થાની ઓફિસમા તોડફોડ કરવામા આવી હતી.

અ પ્રકરણમા પૂણેના કોથરુડ પોલિસ મથકમા તાનાજી ભોઈટે, નિલેશ ભોઈટે, વિરેન્દ્ર ભોઈટે સહિત ૨૮ વ્યક્તિઓ પર વિજય પાટીલ દ્રારા ફરિયાદ નોંધાવવામા આવી હતી. પાટીલે જળગાંવમા વકિલ છે તેમજ જળગાંવની મરાઠા વિધ્યા પ્રસારક સહકારી સમાજ મર્યાદિત સંસ્થામા સંચાલક છે. આરોપીઓએ તેને કેટલાક દસ્તાવેજ આપવાનું બહાનુ કરી પૂને બોલાવ્યો હતો અને તેને દમદાટી આપી કારમા લઈ જૈ સદાશિવ પેઠના એક ફ્લેટમાં ગોંધી રાખ્યો હતો. અહી તેના હાથપગ બાંધી પેટ અને ગળા પર ચાકુ રાખી તમામ સંચાલકોના રાજીનામા લઈ આવવા જણાવ્યુ હતુ.અન્યથા એમપીડીએના ખોટા કેસમા તેને ફસાવી દેવાની ધમકી આપી પાંચ લાખ રૂપિયા વસુલ કર્યા હતા. આ ઉપરાંત તેના ખિસ્સામા પૈસા અને પહેરેલા સોનાના દાગીનાની લૂંટ ચલાવ્યાની પોલિસ ફરિયાદ થઈ છે.

# દૂધમા ભેળસેળ કરનાર આરોપીની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ ૫

જાણીતી કંપનીઓના દૂધની થેલીમાથી દુધ કાઢી ગંદુ પાણી ભેળવી લોકોના જીવન સાથે ચેડા કરનાર આરોપીની ધરપકડ કરી એન્ટોપહિલ પોલિસે ૮૮ લિટર ભેળસેળયુક્ત દૂધનો નાશ કર્યો હતો. એન્ટોપહિલ પોલિસી મળેલી માહિતીને અધારે સાગર મિત્ર મંડળ કોકરીપાડામા વહેલી સવારે છાપો મારી ગ્યાનેશ્વર ભિંડેની ધરપકડ કરી ૫,૦૬૦/- રૂપિયાની કિમતનું ૮૮ લિટર ભેળસેળવાળુ દૂધ જપ્ત કર્યુ હતુ. આરોપી ગોકુલ,અને અમુલ તાજા દુધની થેલી કાતર વડે કાપી તેમાથી દૂધ કાઢી તેની જગ્યાએ ગંદુ પાણી મિક્સ કરતો હતો.મળેલી માહિતીને આધારે પોલિસે વહેલી સવારે ચાર વાગે રેડ પાડી આરોપીની ધરપકડ કરી,મિક્સ કરાયેલા દૂધનો નાશ કર્યો હતો.

# બ્રીટનથી મહારાષ્ટ્રમાં આવેલા ૮ પ્રવાસીઓમાં નવા કોરોનાના લક્ષણો : રાજેશ ટોપે

## મુંબઇનાં પાંચ, પુણે, થાણે અને મીરા ભાઈંદરનાં પ્રત્યેક એકનો સમાવેશ

ચક્રવાત ટીમ, મુંબઈ, ૫

આખરે મહારાષ્ટ્રમાં કોરોના વાયરસનો નવા સ્ટ્રેન પ્રવેશ્યા છે. બ્રિટનથી પરત આવતા મહારાષ્ટ્રના ૮ મુસાફરોમાં નવા કોરોનાનાં લક્ષણો જોવા મળ્યા હોવાનું ખુદ આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ આપ્યું છે. તેથી, મહારાષ્ટ્રની ચિંતા ફરી વધી છે. યુકેથી પરત આવતા મહારાષ્ટ્રના આઠ મુસાફરોને નવા કોરોનાનાં લક્ષણો હોવાનું જાણવા મળ્યું છે, જેમાં મુંબઈનાં પાંચ, પુણે, થાણે અને મીરા ભાઈંદરનાં પ્રત્યેક એકનો સમાવેશ થાય છે. તે બધા કોરેન્ટાઈન્મા છે અને તેમના સાથે થયેલા સંપર્કોનું ટ્રેસિંગનુ કામ ચાલી રહ્યું છે, તેમ આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ માહિતી આપી હતી.

બ્રિટનમાં નવા કોરોના વાયરસ રાજ્યમાં વધુ તકેદારી લઈ રહ્યા છે. જો કે, વિદેશથી મહારાષ્ટ્ર પહોંચનારા પ્રવાસીને ધ્યાનમાં લેતા, કેન્દ્ર સરકારને આવા મુસાફરોને તેઓ જે એરપોર્ટ પર ઉતરે છે ત્યાં એરપોર્ટ પર ક્વોરેન્ટાઇન કરવાનું કહેવામાં આવશે. વર્ષા નિવાસ સ્થાને મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ કોરોના રસીકરણની સમીક્ષા કરી, હતી તેમજ તે સમયે તેમણે મુખ્ય સચિવને આ સંદર્ભે નિર્દેશ આપ્યો. યુકેથી પરત આવતા મહારાષ્ટ્રના આઠ પ્રવાસીઓમાં નવા કોરોના લક્ષણો જોવા મળવાને પગલે મુખ્યમંત્રીએ એજન્સીઓને વધુ જાગૃત રહેવા નિર્દેશ પણ આપ્યો હતો. જોકે, યુકેથી સીધા મુંબઈ ઉતરનારા મુસાફરોને નિયમો અનુસાર ક્વોરેન્ટાઈન માટે એરપોર્ટ પરથી મોકલવામાં આવે છે. છેલ્લા કેટલાક દિવસોથી એવું જોવા મળ્યું છે કે મુસાફરો અન્ય રાજ્યોના એરપોર્ટ પર ઉતરાણ કરીને મહારાષ્ટ્ર પહોંચે છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે કેન્દ્ર સરકારે તે વિમાનમથકોથી વિદેશ યાત્રા કરી હોય તેવા લોકોને ક્વોરેન્ટાઈન કરવા જોઈએ.

# પત્ની છોડીને જતી રહેતા પિતાએ ત્રણ મહિનાની બાળકીને રસ્તા પર રઝળાવી

## સજાગ નાગરિકોના પ્રયત્નથી નરાધમ પિતા પકડાયો



ચક્રવાત ટીમ, મુંબઈ ૫

ત્રણ મહિનાની નવજાત બાળકીને માતા મુકીને જતી રહી હતી. મા વિનાની બાળકીને કઈ રીતે ઉછેર કરવો તેની પિતાને મુંઝવણ થતા પિતાએ પણ આ બાળકીને રસ્તા પર રેઢી મુકી પલાયન થવાની કોશિશ કરી હતી. જો કે કલ્યાણની આ ઘટનામા સજાગ નાગરિકોના પ્રયત્નને કારણે બાળકીને મુકી જનારા પિતાની અટક કરવામા આવી હતી.આ ઘટનાને કારણે બાળકીને ત્યજી દેનાર માતા અને ત્યજી દેવાની કોશિશ કરનારા પિતા પર લોકોનો રોષ ભભુકી ઉઠ્યો હતો. કલ્યાણ પશ્રિમના સ્ટેશન રોડ વિસ્તારમા આવેલા સ્કાયવોક નીચે એક વ્યક્તિ હાથમા નાનકડા બાળકને લઈ ઉભો હતો. થોડોક સમય બાદ આ વ્યક્તિએ હાથમાની બાળકીને નીચે મુકી પલાયન થવાની કોશિશ કરી હતી. જો કે આ ઘટનાને જોનાર એક તરુણીએ તરત જ બૂમાબુમ કરી હતી.આથી નાગરિકોએ અ વ્યક્તિને પકડી બાળકી સાથે મહાત્મા ફૂલે ચોક પોલિસ સ્ટેશનમા લઈ ગયા હતા. પોલિસે આ વ્યક્તિની પૂછપરછ કરતા ધક્કાદાયક ઘટના બહાર આવી હતી. ખલિક શેખ નામની આ વ્યક્તિએ પોલિસને જણાવ્યુ હતુ કે તેની પત્ની કેટલાક દિવસો પહેલા આ નવજાત બાળકી અને તેને છોડી જતી રહી હતી. આથી મા વિનાની નાની બાળકીને કઈ રીતે ઉછેરવી તેની મુઝવણમા તે હતો. એકલા હાથે તે આ બાળકીનો ઉછેર કરી સકે તેમ ન હતો.જો કે પોતે બાળકીને મુકી પલાયન નહોતો થવાનો પરંતુ પત્નીને ગોતવા માટે તેણે બાળકીને નીચે મુકી હોવાનું પોલિસ સમક્ષ જુઠ્ઠાણુ ચલાવ્યુ હતુ. પોલિસે તેની પર બાળકીને છોડી જવાનો અને પિતાનુ દાયિત્વ ન સંભાળવવાનો ગુનો નોંધી અટક કરી વધુ તપાસ હાથ ધરી હતી. દરમિયાન આ બાળકીને ડોમ્બીવલીની જનની આશિશ નામની સામાજીક સંસ્થામા મુકવામા આવી છે.

## વસઈમા ૭ ફૂટ લાંબો અજગર મળ્યો



વસઈના કિરાવાલી ગામમા સાત થી સાડા ફૂટ લાબો અજઘર હોવાનો ફોન ફાયરબિગ્રેડને આવતા તેઓએ તે સ્થળે જઈ તેને વાડીમાંથી પકડ્યો હતો.તેમજ તુંગારેશ્વરના જંગલમા તેને છોડવામા આવશેની માહિતી આપી છે.

# વિક્રોલીમા ૨૧ લાખના ગાંજા સાથે એકની ધરપકડ

## સાત લાખ રૂપિયાનો ટેમ્પો પણ સીઝ કરાયો

ચક્રવાત ટીમ, મુબઈ, ૫

છેલ્લા કેટલાક સમયથી મુંબઈમા ડ્રગ્સ અને અન્ય નશાજન્ય પદાર્થો સાથે અનેક વ્યક્તિઓની ધરપકડ થઈ છે. આમ છતા ગાંજા, ચરસ અને અન્ય અમલી પદાર્થોની હેરાફેરી ચાલુ જ રહે છે. બાંન્દ્રા યુનિટને મળેલી માહિતીને આધારે વિક્રોલી પાસે પાર્ક કરાયેલા એક ટેમ્પોની તલાશી લેતા તેમાથી ૨૧ લાખ ૨૦ હજાર રૂપિયાની કિમતનો ગાંજો મળી આવ્યો હતો. પોલિસે આરોપીની ધરપકડ કરી સાત લાખ રૂપિયાની કિમતનો ટેમ્પો પણ જપ્ત કર્યો હતો. બ્રાંન્દ્રા યુનિટના નશાબંધી વિરોધી ટીમને માહિતી મળી હતી કે વિક્રોલીના કન્નમવર નગર બે પાસે મહાનગરપાલિકા ગાર્ડન સર્વિસ રોડ પર એક ટેમ્પો પાર્ક કરાયો છે.આથી પોલિસે અહિ તપાસ કરતા શાકભાજી અને કાંદાની નીચે ૧૦૪ કિલો ગાંજો ગુણીમા છૂપાડવામા આવ્યો હતો.આરોપી ધુલેથી આ માલ અહિ લાવ્યો હતો અને મુંબઈ શહેર ઉપનગરમા તેનું વેચાણ કરતા હતા. પોલિસે ઈશરત સિદીકી, આનંદ તરડે અને અફરોઝ સિદીકીની ધરપકડ કરી હતી. આ ત્રણેય અરોપીઓ મુંબઈઈના રહેવાશી છે.તેમની પાસેથી ૨૧ લાખ ૨૦ હજાર રૂપિયાની કિમતનો ૧૦૬ કિલો ગાંજો અને સાત લાખ રૂપિયાની કિમતનો આઈસર ટેમ્પો જપ્ત કરવામા આવ્યો હતો. આ ગાંજો તેઓ કોને આપવાના હતા અને ધુલેથી કોની પાસેથી લાવ્યા હતા પોલિસ તેની તપાસ કરી રહી છે. આમ આંતરરાજ્ય ડ્રગ્સ હેરાફેરીનો મામલો પોલિસે ઉકેલયો હતો.

## રેલ્વે સ્ટેશન રેલમ છેલ......



એક બાજુ મુંબઈમાં લોકલ તમામ પ્રવાસીઓ માટે શરૂ કરવાની ચર્ચા થઈ રહી છે ત્યારે પશ્ચિમ રેલવેના ઉપનગર મલાડ રેલવે સ્ટેશન ખાતે બપોરે ૧૨ વાગ્યે લેવાયેલી આ તસવીરમાં ભીડનો નજારો જોવા મળે છે જેમાં ૫૦ ટકાથી વધુ લોકોએ માસ્ક પહેર્યા નહોતા આમ કોરોનાનો ફેલાવો ન થાય તો જ નવાઈ. જો લોકો સોશિયલ ઢ્ઢેજંફ્હષ્ઠી અને કોરોનાની ગાઈડલાઈનનું પાલન નહીં કરે તો લોકલ તમામ પ્રવાસીઓ માટે શરૂ નહીં કરાય તેમ રેલવે નું કહેવું છે.

# પરિવારજનોએ લગ્નનો વિરોધ કરતા મલાડમાં પ્રેમિકા પર ગોળી ઝીંક્યા બાદ પ્રેમીની આત્મહત્યા

ચક્રવાત ટીમ, મુંબઈ, ૫

પરિવારજનોએ લગ્નનો વિરોધ કરતા મલાડમા પ્રેમિકા પર ગોલી ઝીંકીને પ્રેમીએ પોતાના પર રિવોલ્વરમાથી ગોલી ચલાવી આત્મહત્યા કર્યાનો બનાવ બન્યો છે. મૃતકની ઓળખ રાહુલ યાદવ(૨૩) અને નિધી મિશ્રા (૨૨) થઈ છે. બંન્ને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે શતાબ્દી હોસ્પીટલમા મોકલી આપવામા આવ્યા હતા. પરિવારજનોના લગ્નના વિરોધે બંન્ને જણે આત્મહત્યા કરવાનો આખરી નિર્ણય લીધો હોવાનું ચર્ચાય રહ્યુ છે. બાંગુરનગર પોલિસે હત્યા તેમજ આત્મહત્યાનો ગુનો નોંધી તપાસ ચાલુ કરી છે.

સોમવારે રાત્રે મલાડમા આવેલ ઈનઓર્બિટ મોલ પાસેના એક મેદાનમા આ ઘટના બની હતી. પોલિસને ઘટના સ્થળેથી એક રિવોલ્વર તેમજ રાઉંન્ડ અને ખાલી બોક્સ મળી આવ્યુ હતુ. રાહુલ તે કાંદિવલી અને નિધી મલાડમા રહે છે. બંન્ને વચ્ચે પ્રેમસબંધ હતો, આંતરજાતિય હોવાથી તેઓ વચ્ચેના પ્રેમનો તેમજ લગ્નનો ઘરના પરિવારજનોએ વિરોધ કર્યો હતો. તેમજ નિધીની અન્ય સાથે સગાઈ પણ થઈ ગઈ હતી. અંતે પ્રેમમા નિષ્ફળતા મળતા તેઓએ આત્મહત્યા કરવાનું નક્કી કર્યુ હતુ. સોમવારે રાત્રે તેઓ બંન્ને મલાડમા એક મેદાનમા પહોચ્યા હતા, ત્યાં સાથે લઈ આવેલ રિવોલ્વરમાથી રાહુલે પ્રથમ નિધીને ગોલી મારી ત્યાર બાદ પોતાના પર ગોલીબાર કરી જીંદગીનો અંત આણ્યો હતો.

# શિવસેનાના ભુતપૂર્વ સાંસદ આનંદરાવ અડસુલ ઈડીના રડાર પર : કિરીટ સોમૈયા

## સીટી કોઓપરેટીવ બેંક ગોટાળા પ્રકરણ

ચક્રવાત ટીમ. મુંબઈ,૫

ભાજપના બહુબોલકા નેતા કિરીટ સોમૈયાએ શિવસેનાના વધુ એક નેતા પર આક્ષેપ કરી તે ઈડીના વોચ રડાર પર હોવાનું જણાવ્યુ હતુ.આમ સોમૈયા અને શિવસેના વચ્ચેનું યુધ્ધ વધુ વકરી રહ્યુ છે.સીટી કોઓપરેટીવ બેંકના ગોટાળા પ્રકરણમા સેનાના ભુતપૂર્વ સાંસદ આનંદરાવ અડસૂલ ઈડીના રડાર પર હોવાનું જણાવી સનસનાટી મચાવી દીધી હતી. અડસૂલેની ફરિયાદ રિઝર્વ બેંકમા પોતે કરશે તેમ જણાવ્યુ હતુ. આ પહેલા વર્ષા સંજય રાઉતની ઈડી પીએમસી બેંક ગોટાળા પ્રકરણે પૂછપરછ કરી ચૂકી છે. સીટી કો ઓપ્રેટીવ બેંક ફ્રોડ કેસમા અડસુલેની તપાસ થઈ શકે છે. બેંક ક્ષેત્રમા જે મોટી મોટી વાતો કરે છે તેમની પાસે પીએમસી બેંકના પૈસા પહોચ્યા છે.કેટલોક સમય પહેલા સીટી બેંકના રોકાણકારો આવ્યા હતા. અડસુલેનો વિષય તેમજ પીએમસી બેંક અને સીટી બેંકના દોષિતો પર કાર્યવાહી થશે તેવી ચિમકી આપતા સોમૈયાએ રિઝર્વ બેંકમા આનંદરાવની ફરિયાદ કરાશે તેમ જણાવ્યુ હતુ. આનંદરાવ અડસુલે અમરાવતી લોકસભા ક્ષેત્રના શિવસેનાના ભુતપૂર્વ સાસદ છે.૧૯૯૬થી તેઓ પાંચ વખત એમપી બની ચૂક્યા છે. જો કે છેલ્લી લોકસભાની ચૂંટણીમા નવનીત રાણાના હાથે તેમનો પરાજ્ય થયો હતો.

# વસઈ-વિરાર પરિવહન સેવા ઉદ્ઘાટનમાં સેના-બવિઆ સામસામે

## મનસેના કાર્યકરો દ્વારા હંગામો : બેને તાબામા લેવાયા



ચક્રવાત ટીમ, મુંબઈ, ૫

કોરોના અને લોકડાઉનને કારણે વસઈ-વિરારની પરિવહન સેવા બંધ રહી હતી.જો કે બે દિવસ પહેલા બહુજન વિકાસ આઘાડી (બવિઆ) અહિની પરિવહન સેવાનું ઉદઘાટન કરી ખુલ્લી મૂકવામા અવી હતી.આજે ફરીથી રાજ્યના નગરવિકાસ મંત્રી એકનાથ શિંદેના હસ્તે અહિ યોજવામા આવ્યુ હતુ. આ કાર્યક્રમમા મનસેના કાર્યકરોએ હંગામો મચાવતા પોલિસ અને શિવસેનાના કાર્યકરોએ તેમને મેથીપાક આપી કાર્યક્રમના સ્થળેથી દૂર લઈ ગયા હતા.આમ પરિવહન શરૂ કરવાનું શ્રેય ખાટવાને મામલે શિવસેના અને બવિઆ સામસામે આવી ગયા હતા. થોડા વખત પહેલા એકનાથ શીંદેની તસવીર પર જાદુટોણા કરવાને મામલે બે જણની ધરપકડ થઈ હતી.તેવીજ રીતે વસઈ-વિરાર પરિવહન સેવા શરૂ કરવાને મામલે તેમની વિરુધ્ધ કોઈ ષડયંત્ર નથી રચાયુ તેની પણ પોલિસ તપાસ કરી રહી છે. તાબામા લેવાયેલ મનસેના કાર્યકરો વસઈ વિરાર પાલિકાના કમિશ્નર પાસે સમયની માગણી કરતા સૂત્રોચાર કરાયા હતા.

# કોટનના વાયદાઓમાં ૨૩,૮૫૦ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૨૪,૦૭૫ ગાંસડીના સ્તરે

ચક્રવાત ટીમ, મુંબઈ, ૦૫

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૯૨૭૦૫ સોદામાં રૂ.૧૨૮૪૩.૫૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં તેજીનો દોર ચાલુ રહી વાયદા વધુ વધી આવ્યા હતા. તમામ બિનલોહ ધાતુઓ તથા એનર્જીમાં ક્રૂડ તેલ, નેચરલ ગેસમાં સાર્વત્રિક વૃદ્ધિ વાયદાના ભાવમાં રહી હતી. કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)ના વાયદાઓમાં ૨૩,૮૫૦ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૨૪,૦૭૫ ગાંસડીના સ્તરે પહોંચ્યો હતો. સીપીઓના વાયદામાં સુધારા સામે કપાસ, રૂ, મેન્થા તેલમાં નરમાઈ રહી હતી.કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૧૨૧૩૫ સોદાઓમાં રૂ.૬૫૫૩.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧૩૯૭ ખૂલી, ઊપરમાં રૂ.૫૧૭૦૦ અને નીચામાં રૂ.૫૧૩૩૩ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૪૭ વધીને રૂ.૫૧૬૭૧ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૧૫ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૪૧૩૧૯ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૩ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૫૧૪૩ થયા હતા, જ્યારે સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૩ વધીને બંધમાં રૂ.૫૧૪૭૨ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૭૦૩૦૨ ખૂલી, ઊપરમાં રૂ.૭૦૮૨૦ અને નીચામાં રૂ.૭૦૦૬૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૦૨ વધીને રૂ.૭૦૭૩૮ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૭૨૨ વધીને રૂ.૭૦૬૩૮ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૭૦૪ વધીને રૂ.૭૦૬૦૯ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૫૫૪૮ સોદાઓમાં રૂ.૨૪૪૨.૭૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૫૦૪ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૬૦ અને નીચામાં રૂ.૩૪૬૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૧ વધીને રૂ.૩૫૪૫ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૪૫૮૬ સોદાઓમાં કુલ રૂ.૫૫૦.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૧૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૧૮૦ અને નીચામાં રૂ.૨૦૯૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૦ ઘટીને રૂ.૨૧૧૪૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૬૭ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૯.૧ વધીને બંધમાં રૂ.૯૯૧.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૯૫.૯ ખૂલી, ઊપરમાં રૂ.૯૯૭.૫ અને નીચામાં રૂ.૯૯૪ રહી, અંતે રૂ.૯૯૫.૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૧૪ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૧૯.૫ અને નીચામાં રૂ.૧૨૧૧ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨.૫૦ ઘટીને રૂ.૧૨૧૭ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૯૨૫૪ સોદાઓમાં કુલ રૂ.૨૮૦૦.૩૬ કરોડ ની કીમતનાં ૫૪૩૭.૪૭૩ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૯૨૮૮૧ સોદાઓમાં કુલ રૂ.૩૭૫૨.૮૭ કરોડ ની કીમતનાં ૫૩૨.૯૫૩ ટન, ક્રૂડ તેલમાં ૭૬૧૫ સોદાઓમાં રૂ.૪૨૭.૭૩ કરોડનાં ૧૨૨૦૦૦૦ બેરલ્સ, કોટનમાં ૬૮૩ સોદાઓમાં રૂ.૫૦.૪૨ કરોડનાં ૨૩૮૫૦ ગાંસડી, સીપીઓમાં ૩૮૨૩ સોદાઓમાં રૂ.૪૯૬.૬૬ કરોડનાં ૫૦૬૫૦ ટન.

# ઉનાના ગાંગડા ગામના ખેડૂત દ્વારા રેડએપલ બોરની ઓર્ગેનિક ખેતી

## ખેતીનું જ્ઞાન મોબાઈલમાંથી લીધું



ચક્રવાત ટીમ તાલાળા, તા.૦૫

બજારોમાં અનેક પ્રકારના બોર મળે છે પરંતુ રેડ એપલ બોરની માંગ વધુ છે. તનો સ્વાદ મધુર હોય છે. ત્યારે ઉનાના ગામડા ગામે ભીખુભાઈ ખસીયાએ મોબાઈલથી રેડ એપલ બોરની ખેતી કેવી રીતે કરવી અને શું કરવું તેની સંપુર્ણ માહિતી મેળવી તેમણે કલકત્તા શહેરમાંથી રેડ એપલ અને ગ્રીન એપલ બોરના ૮૦૦ રોપા મંગાવી ઉગાવેલ હતા જેમાં તેમણે કોઈપણ જાતનું બિયારણ કે ખાતરના ઉપયોગ કર્યા વગર માત્ર ગૌ-મુત્ર અને છાણ નો ઉપયોગ કરી ઓર્ગેનિક બોરની કેતી કરી હતી. આ બોર તે રાજ્ય તેમજ બહારના રાજ્યમાં સપ્લાય કરે છે આ ખેડુત ૫ વિઘા જમીનમાં અંદાજિત ૮૦૦ જેટલા રોપા વાવી લાખો રૂપિયાની ખેતી કરી હતી આ વર્ષે શિયાળામાં વરસાદ પડવાથી થોડુ નિકશાન થયું હતું પરંતુ આવતા વરસે વધુ પાક લેશે અને સ્થાનિક ખેડુતોને રેડએપલ બોરના રોપ નજીવી કિંમતે અપાશે જેથી લોકો ખેતી કરી શકે તેવું જણાવ્યું હતું.

# વઢવાણના નકટીવાવ મેલડી માઁ ના મંદિર સુધી રસ્તો બનાવવા ભક્તજનોની માંગ



ચક્રવાત ટીમ વઢવાણ, તા.૦૫

વઢવાણના ધારાસભ્ય સુરેન્દ્રનગરના સાંસદ સભ્યને એક વાર વઢવાણ નકટી વાવ મેલડી માતાજી એ ચાલીને ઉઘાડા પગે દર્શન કરવા જાવ તો ખબર પડે કે રસ્તો કેવો બિસ્માર છે. હાલ જ્યાં ચુટણી આવે છે તો વઢવાણ સુરેન્દ્રનગરના રોડ બને તો નકટી વાવ મેલડી માતાજી જવાનો રોડ કેમ ન બને?? હજારો શ્રદ્ધાળુઓ ઉઘાડા પગે, દંડવત કરતા પગપાળા જતા મોટી હાલાકી પડે છે વધુમાં રોડ સાકડો હોવાથી અકસ્માત ના બનાવો પણ બનવાની શક્યતા ઓ પણ રહે છે. તો ધારાસભ્ય કે સાંસદની ગ્રાન્ટમાંથી તાત્કાલિક રસ્તો બને તેવી તમામ ભક્ત જનો વતી વઢવાણ શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ સતિષભાઈ ગમારા એ માંગ કરેલ છે.

# ઉપલેટામાં બીગ બોસ લીગ - ૨૦૨૦ પર રમાતો ક્રિકેટ સટ્ટો પકડી પાડતી પોલીસ



ચક્રવાત ટીમ કાનભાઈ સુવા/ ઈમરાનભાઈ, તા.૦૫

હાલમાં રમાઈ રહેલ બીગ બોસ લીગ -૨૦૨૦ મેચ પર ચાલતા ક્રિકેટ સટ્ટાની પ્રવૃત્તિઓ ઉપર વોચ રાખી કાયદેસરની કાર્યવાહી કરવા સૂચન હોય જે આ અંગે ઉપલેટા પી.આઈ. એમ. એન. રાણાના માર્ગદર્શન મુજબ ઉપલેટા પોલીસ સ્ટેશન ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ દિનેશભાઈ ગોંડલીયા તથા ગાગુભાઈ ચારણને ખાનગી રાહે હકીકત મળેલ કે નિલેષ ઉર્ફે ટોપી ભરતભાઈ કારીયા જાતે લુવાણા રહેવાસી ઉપલેટા સ્વામિનારાયણ સોસાયટી, ગાયત્રી નગર વાળાને પોતાના રહેણાંક મકાન આગળ જાહેર રોડ પર આવેલ ઓટા ઉપર બેસી હાલમાં રમાઈ રહેલા બીગ બેસ લીગ -૨૦૨૦ લીગની હોબાર્ટ હેરિકેન્સ તથા બેલબોર્ન સ્ટાર નામની બન્ને ટીમોની મેચમાં રનફેર તથા હારજીતનો નસીબ આધારિત ક્રિકેટ સટ્ટો રમી હારજીતના પૈસાની લેતી દેતી કરી સોદા કરતા એક ઈસમને મોબાઈલ નંગ-૨ જેની કીમત રૂપિયા ૧૧,૦૦૦/- તેમજ રોકડ રકમ રૂપિયા ૧૬,૦૦૦/- એમ કુલ મળી રૂપિયા ૨૭,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી જુગાર ધારા કલમ ૧૨ (અ) મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ. પકડાયેલા આરોપીમા નિલેષ ઉર્ફે ટોપી ભરતભાઈ કારીયા રહે. સ્વામિનારાયણ સોસાયટી, ગાયત્રીનગર 'રાંદલ કૃપા' નામનો શખ્સ ઝડપાયો છે જ્યારે યાશીનભાઈ રહે. પાટણવાવ રોડ, અરિફભાઈ રહે. ફુલારા બગીચા, સિકંદર ઉર્ફે સિકલો રહે. હાડફોલી તા. ઉપલેટા તેમજ અજુબાપુ રહે. પંચહાટડી વાળાને પકડવાના બાકી હોય. આ સમગ્ર કામગીરી કરનારમાં ઉપલેટા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.એન. રાણા, હેડ કોન્સ. ભાવેશભાઈ બોરીચા તથા કોન્સ. દિનેશભાઈ ગોંડલીયા, ગગુભાઈ ચારણ, મહેશભાઈ સારીખડા, વાંરજભાઈ રગીયા, વાસુદેવસિંહ જાડેજા સહિતનાઓ દ્વારા આ સમગ્ર કામગીરી કરવામાં આવી.

# હાલમાં ચૂંટણી લક્ષી બનેલા રસ્તામાં લોટ પાણી અને લાકડા



ચક્રવાત ટીમ પાટડી, તા.૦૫

પાટડીના બજાણા નજીક ગત ૧૫ દિવસ પહેલા પીપળીધામ બજાણા રોડ સોલંકી કન્સ્ટ્રકશન દ્વારા રિપેર થયેલ હતો આ રોડમા આજે મોટા મોટા કપચા નીકળી ગયેલ છે જેથી વાહન ચાલકોને ખુબજ હાલાકી ભોગવવી પડે છે. અને અકસ્માત થવાનો પણ ભય રહેલો છે.વાહન ચાલકો દ્વારા ખુબજ મોટા પ્રમાણમાં જ્યાં સુધી ડામર રોડના બને ત્યાં સુધી વાહન ચાલે તેવો વ્યવસ્થિત રોડ સમાર કામ કરી આપવા માંગ તંત્ર પાસે કરવામાં આવી છે.

# શ્વાનોનો ત્રાસ : ૨૨૦૭ લોકોને બનાવ્યા શિકાર

(જી.એન.એસ.)રાજકોટ,તા.૫

ગુજરાત સહિત સમગ્ર રાજકોટના રાજમાર્ગો ઉપરથી રઝળતા અને રાહદારીઓને બચકા ભરી લેતા શ્વાનનો ત્રાસ દુર કરવામા મનપા સરિયામ નિષ્ફળ નિવડી છે. કોરોનાના કાળમા પણ કૂતરાઓનો ત્રાસ ઓછો થયો નથી. એક જ વર્ષમા ૨૨૦૭ને બચકા ભરીને ત્રાસ ફેલાવ્યો છે. રાતે શહેરના રાજમાર્ગો ઉપર અડિંગો જમાવીને બેસતા અને રાહદારીઓ તેમજ વાહનો પાછળ દોડીને બચકા ભરી લેતા શ્વાનનો ખોફ ભલભલાને ધ્રુજાવી જાય છે. રાતે રાજમાર્ગ ઉપરથી ટુ વ્હીલર લઈને નિકળનારાની પણ શ્વાન પાછળ પડીને ભયભીત કરી નાખે છે. મનપાના સુત્રોએ જણાવ્યું હતું કે, મનપા પાસે શ્વાન ખસીકરણ સિવાય કોઈ વિકલ્પ નથી. અમે વસતી ઘટાડી કંન્ટ્રોલ કરવા પ્રયાસ કરીએ છીએ પણ તેમા પુરી સફળતા મળી નથી. અગાઉ શ્વાનને પકડીને અન્યત્ર છોડી અવાતા હતા પણ હવે તેમ કરી શકાતું નથી.

શ્વાનનો ત્રાસ દુર કરવા ખસિકરણ પ્રોજેકટમા કરોડો રૂપિયા વેડફી નાખવામા આવ્યા છે છતા તેની વસતિમા ઘટાડો થયેલો જણાતો નથી કે નથી તેના ભય ઓછો થયો. ગત એક જ વર્ષમા રઝળતા શ્વાનોએ ૨૨૦૯ શહેરીજનોને બચકા તોડી લઈ શિકાર બનાવ્યા છે. શહેરના અલગ અલગ વિસ્તારમા રાતે રસ્તા ઉપર જ બેસી રહેતી શ્વાન ટોળકી રોડ ઉપર નિકળતા રાહદારી, સાયકલ સ્વાર કે ટુ વ્હીલર સવારને જોતા જ દોડી આવે છે અને પગમા બચકા ભરી વાહન ઉપરથી પણ પછાડી દે છે. શ્વાનનો ત્રાસ દુર કરવા માટે મનપાએ ખસીકરણની યોજના એકાદ દાયકાથી હાથ ઉપર લીધેલી છે છતા તેની વસતિમા જાણે ઘટાડો થતો જ નથી. મનપા દર વર્ષે ૮૦થી ૯૦ લાખનો ખર્ચ ખસીકરણ પાછળ કરે છે. આ માટે માધાપર સમ્પ પાસે ખાસ વેટરનરી ઓપરેશન થિયેટર બનાવાયું છે. એક શ્વાનના ખસીકરણ પાછળ હાલ ૧૮૫૦નો ખર્ચ થાય છે આમ છતા સંપૂર્ણ વસતિ ઉપર અંકુશ આવ્યો નથી.

ખુદ મનપાની કચેરીઓમા જ કુરકુરિયા દર વર્ષે ફરતા દેખાય છે જે ખસીકરણ પ્રોગામ નિષ્ફળ ગયાની ગવાહી આ ।પ।ી જાય છે. શ્વાન કરડતા ૩ ઈન્જેકશન લેવા પડે છે. ગત એક વર્ષ દરમિયાન સિવિલ હોસ્પિટલમા જ ૯૪૮૮ ઈન્જેકશન લોકોને દેવા પડયા હતા. ગત ૨૫ માર્ચ માસથી ૩૧ મે સુધી ચાર તબક્કે લદાયેલા લોક ડાઉનમા લોકો ઘર બહાર નિકળતા ન હતા ત્યારે શેરીઓ અને રસ્તાઓ ઉપર શ્વાનોએ કબજો જમાવી દીધો હતો. આ દરમિયાન ૫૩૨ લોકોને બચકા ભરી લીધા હતા. જાન્યુઆરી ૩૧૧, ફેબ્રુઆરી ૩૩૧, માર્ચ ૨૦૯, એપ્રિલ ૧૫૧, મે ૧૩૨, જૂન ૧૭૦, જૂલાઈ ૧૬૬, ઓગષ્ટ ૮૯, સપ્ટેમ્બર ૧૨૧, ઓક્ટોબર ૧૧૨, નવેમ્બર ૧૩૯ અને ડિસેમ્બરમાં ૨૨૬ લોકો ભોગ બન્યા છે.



# સ્પર્ધાત્મક પરીક્ષા અંગે દેવભૂમી દ્વારકામાં નિઃશુલ્ક શિક્ષણ સેમિનારનું આયોજન



ચક્રવાત ટીમ દ્વારકા, તા.૦૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સુરજકરાડી ના આરંભડા વિસ્તારમાં ડો. બાબા સાહેબ આંબેડકર ભવનમાં ભીમ આર્મી અને પંચશીલ અનુસૂચિત સમાજ ટ્રસ્ટ ઓખામંડળ અને (R.D.A.M.) સંસ્થાઓના સહયોગથી free શિક્ષણ સેમિનાર યોજાઈ ગયો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કઇ રીતે કરવી તેના વિશે વક્તાઓએ વક્તવ્ય આપેલ શિક્ષકો દ્વારા શિક્ષણ વિશે વક્તવ્ય આપેલ આ સેમિનારમાં બહોળી સંખ્યામાં સમાજના શિક્ષક ગણ સમાજના અગ્રણીઓ અને વિદ્યાર્થી ગણ ઉપસ્થિત રહ્યા હતા

# અમદાવાદ શહેરના નિકોલ વોર્ડ મહિલા પ્રમુખ પદે ભારતી ભાનુશાળી નિયુક્ત

## રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (NCP) મહિલા પ્રમુખ તરીકે ભારતી ભાનુશાળી નિયુક્ત કરાયા



ચક્રવાત ટીમ અમદાવાદ, તા.૦૫

રાષ્ટ્રીય અધ્યક્ષ માનનીય શરદ પવારની અનુમતિથી તેમજ ગુજરાત પ્રદેશ પ્રભારી પ્રફુલ પટેલની સૂચના અને ગુજરાત પ્રદેશ પ્રમુખ જયંત પટેલ (બોસકી) ના આદેશથી ભારતીબેન ભાનુશાળીને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (NCP) અમદાવાદ શહેરના નિકોલ વોર્ડના મહિલા પ્રમુખ નિયુક્તિ કરવામાં આવ્યા. રાજ્યમાં વર્તમાન પરિસ્થિતિમાં ભગીરથ પુરુષાર્થ અને સંગઠનાત્મક અભીગમથી સહુ સાથે મળીને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (NCP) ને પ્રજાના સાચા પક્ષ તરીકે ઉપસાવી શકવા સમર્થ બનાવી તેમજ પ્રજા જીવન સાથે સંકળાઈ જઈ એન.સી.પી.ને વિજયપથ પર લઈજવા સક્ષમ બની તેમજ સફળતા મેળવી તેવી અપેક્ષા સાથે દ્રઝઁના સંગઠન મજબૂત બનાવવાની જવાબદારીઓમાં ભારતીબેન ભાનુશાળીને જવલંત સફળતા માટે હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી સાથે હાજર દ્રઝઁ ના કાર્યકર્તાઓ અને કિશોરભાઈ, ડી. મુગળપરા નિકોલવોર્ડ (અમદાવાદ) રેશ્માબેન પટેલ પણ હાજર રહ્યા હતા.

# પાટડી ખાતે આપત્તી વ્યવસ્થાની તાલીમ યોજાઈ



ચક્રવાત ટીમ પાટડી, તા.૦૫

આજરોજ સુરેન્દ્રનગર જીલ્લાના દસાડા તાલુકાના પાટડી સેવા સદન ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને સુરેન્દ્રનગર જીલ્લા વહીવટી તંત્ર દ્વારા અધિકારીઓ ને કર્મચારીઓને આપતી અને હોનારત સંકટ સમય કેવી રીતે કામગીરી કરવી તે બાબતે માહિતી અને માર્ગદર્શન ઈન્ટરનેશનલ રેસકયુ ટ્રેનર ત્રિલોકકુમાર દ્વારા આપવામાં આવી હતી.

# નવી મુંબઈની ખાડીમાં વિદેશી ફ્લેમિંગો પક્ષીઓને કારણે ગુલાબી ચાદર પાણી



છેલ્લા કેટલાક દિવસોમાં નવી મુંબઈની ખાડીમાં વિદેશી ફ્લેમિંગો પક્ષીઓને કારણે ગુલાબી ચાદર પાણી પર તરતી જોવા મળી છે. એરોલીથી પનવેલ સુધી ફેલાયેલા ખાડીમાં ફ્લેમિંગો જોવા મળતા પક્ષીપ્રેમીઓની ભીડ જોવા મળે છે.નવી મુંબઈની ખાડીમા ફ્લેમિંગોની બે જાતો, લેસર અને ગ્રેટર હાલમાં જોવા મળે છે. લેઝર ફ્લેમિંગો ગુજરાતના કચ્છથી આવે છે, જ્યારે ગ્રેટર ફ્લેમિંગો સાઈબિરીયા અને કઝાકિસ્તાનથી વિદેશમાં હજારો કિલોમીટરના પ્રવાશ કરી નવી મુંબઈની ખાડીમાં સ્થળાંતર કરે છે.

# જામનગર જિલ્લાનું ગૌરવ



વિદ્યાભારતી દ્વારા આયોજિત સંસ્કૃતિ બોધ પરિયોજના અંતરગત નિબંધ લેખન સ્પર્ધામાં "જેવુ ખાઈએ અન્ન તેવું બને મન" વિષય પર શ્રી સરસ્વતી પ્રાથમિક વિદ્યાલય-જામનગરમાં ધોરણ-૭માં અભ્યાસ કરતી પંક્તિ નિશ્ચલ કાનાણીએ બાલ વિભાગ (પ્રાથમિક શાળા) ગુજરાત પ્રાંત (ગુજરાત રાજ્ય)માં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી જામનગર જિલ્લા અને શાળા પરિવારનું ગૌરવ વધારેલ છે. ખૂબ-ખૂબ અભિનંદન.

# ઉપલેટા શ્રી સિદ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યુવાનો માટે નિબંધ લેખન સ્પર્ધા યોજાશે

ચક્રવાત ટીમ કાનભાઈ સુવા/ ઈમરાનભાઈ, તા.૦૫

શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમગ્ર સૌરાષ્ટ્રના લોકો માટે છેલ્લા ૨૦ વર્ષથી અનેક વિવિધ સેવાકીય અને રચનાત્મક વિવિધ પ્રવૃતિઓ થતી રહે છે ત્યારે આ ટ્રસ્ટ દ્વારા સવિશેષ આજના સમયના ભાગરૂપે શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલેટા શહેર તથા તાલુકાના ૧૮ વર્ષથી ઉપરની વયની કોઈપણ વ્યક્તિ માટે આજના સમયની સાંપ્રત બાબતો અનુસાર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. આ નિબંધ સ્પર્ધામાં પાંચમાંથી કોઈ પણ એક વિષય પર સુવાચ્ય અક્ષરે એ. ફોર સાઈઝના કાગળમાં આશરે અઢીથી ત્રણ પેજમાં નિબંધ લખવાના રહેશે. આ પાંચ વિષયો પણ નિબંધ સ્પર્ધા યોજાઈ રહી છે જેમાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખીને શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટને રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા આગામી તારીખ ૦૮-૦૧-૨૦૨૧ સુધીમાં મોકલી આપવાનો રહેશે. દરેક વ્યક્તિએ તેમનું લેખન રૂબરૂ આપવા અથવા તો પોસ્ટમાં મોકલવા માટેની સરનામુંઃ શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ, ગોપાલ બુક સ્ટોર, પાંજરાપોળ રોડ, ઉપલેટા ૩૬૦૪૯૦ જી. રાજકોટ પર મોકલવાનું રહેશે. આ નિબંધ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક વ્યક્તિએ પોતાનું પુરૂ નામ, પુરૂ સરનામું, ફોન નંબર, ઈમેઈલ એડ્રેસ જો હોય તો ખાસ મોકલવાનું રહેશે. આ અંગે માહિતી આપવા શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ જયેશભાઈ ત્રિવેદીએ જણાવેલ કે નિબંધ લેખનથી યુવાનોમાં સાહિત્ય પ્રવૃત્તિનો વિકાસ થાય તેમજ લેખન પ્રવૃત્તિ પ્રજવલિત થાય તેવા આશયથી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ તેમજ સ્પર્ધામાં પ્રોત્સાહન રૂપે ભાગ લેનાર માંથી અર્થપૂર્ણ રૂપે સર્ટિફિકેટ આપવામાં આવશે અને સાથે જ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે આવનારને વિશેષ સન્માનિત પણ કરવામાં આવશે. શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યોજાયેલ આ નિબંધ સ્પર્ધામાં આવશ્યક લાભ લેવા શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે. આ સ્પર્ધા અંગેની વધુ માહિતી માટે ટેલીફોનીક સંપર્ક કરવા વિનંતી કરાઈ છે જેમાં મોબાઈલ નંબર ૯૩૨૮૦૩૦૩૫ અથવા ૯૪૨૮૨૭૯૪૦૯ પર સંપર્ક કરવો.

# જમીન પ્રેમિકાના નામે કરવા બાધારૂપ બનતા પુત્રની હત્યા કરતો લંપટ પિતા

## આરોપી સરકારી અધિકારી

ચક્રવાત ટીમ, મુંબઈ ૫

પ્રેમ આંધળો હોય છે તે કહેવાત નાશિકમા સત્ય પૂરવાર થઈ હતી.પ્રેમિકાના નામ પર જમીન કરવા માંગતા પિતા સાથે ઝઘડો કરનારા પુત્રનું ગળુ દાબી નરાધમ બાપે હત્યા કરી હતી. આ ઝઘડામા પત્ની વચ્ચે આવતા તેને પણ મારઝૂડ કરાય હતી.આરોપી સરકારી નોકરી કરે છે, હાલમા પોલિસે તેને જેલના સળિયા પાછલ ધકેલી દીધો હતો. આ ઘટનાને કારણે નાશિક વિસ્તારમા સનસનાટી મચી જવા પામી હતી.

પ્રભાકર માળવાડ નામનો અરોપી નાશિકના જનરલ વૈધનગર વિસ્તારમા પરિવાર સાથે રહે છે..અને સરકારી પશુસંવર્ધન દવાખાનામા એનિમલ વૈધકિય અધિકારી તરીકે કામ કરે છે.આરોપીને એક મહિલા સાથે અનૈતિક સબંધ હતો આ માટે તેને ૨૮ વર્ષના પુત્ર તેમજ પત્ની જયશ્રી સાથે વાદવિવાદ ચાલતા હતા. આરોપી પ્રભાકરે તેની જમીન પ્રેમિકાને નામે કરવી હતી, જે પુત્ર અને પત્નીને પસંદ ન હતુ. આથી તેમની વચ્ચી ઝઘડો થયો હતો, અને ત્યાર બાદ થયેલ ઝપાઝપીમા પ્રભાકરે તેના ૨૮ વર્ષના દિકરાનુ ગળુ દાબી હત્યા કરી હતી. એટલું જ નહિ પુત્રને બચાવવા વચ્ચે આવનારી પોતાની પત્ની જયશ્રીને પણ મારઝૂડ કરી હતી. જયશ્રીએ આ ઘટનાની જાણ કરતા પોલિસે મૃતકની લાશનો કબ્જો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતીઅને આરોપી પ્રભાકરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# થાનગઢના સરોડીમાં હુમલામાં એકની હત્યા



ચક્રવાત ટીમ થાનગઢ, તા.૦૫

થાનગઢના સરોડી ગામે સાળીની હત્યા કરી જમાઈ એ સસરા સહિત ૫ વ્યક્તિને ઈજા થઈ છે જેમાં કૌટુંબિક ઝઘડાનું કારણથી અંજામ આપવામાં આવ્યો હુમલો કરનાર અને હત્યા નિપજાવનાર જમાઈ મૂળીનો ઈસમ હોવાનું જાણવા મળેલ છે. હુમલામાં અન્ય પાંચ લોકોને ઈજા પહોંચતા હોસ્પિટલે ખસેડવામાં આવેલ. અને ઈસમોને ઝડપવામાં થાનગઢ પીએસઆઈ પરમાર સાહેબને પણ ઈજા થઈ હતી થાનગઢ પોલીસે ઘટના સ્થળે દોડી જઈને નિવેદનો લઈ તપાસનો દોર શરૂ કર્યો છે નાના એવા ગામમાં હત્યાના બનાવથી ચકચાર સાથે સનસનાટી મચી ગઈ છે મૃતક મહિલાની લાશનો કબજો લઈ પી.એમ.માટે ખસેડી અને બનાવના પગલે ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો થાનગઢ પહોંચ્યો હતો.

# ભારત-ઓસ્ટ્રેલિયા સિરીઝ મુદ્દે આર્ચરે કર્યુ કંઈક એવું ટ્વિટ કે ....



(જી.એન.એસ.)મુંબઇ,તા.૪

મેલબોર્ન ટેસ્ટ જીત્યા બાદ ભારત અને ઓસ્ટ્રેલિયાની શ્રેણી એક અલગ વિષય સાથે ચર્ચામાં આવી છે. જ્યારે ટીમ ઈન્ડિયાના ૫ ખેલાડીઓ મેલબોર્ન હોટલમાં જમવા ગયા હતા જ્યાં બાયો બબલ તોડવા અંગે વિવાદ સર્જાયો હતો અને તે પછી સમાચાર આવ્યા હતા કે ટીમ ઈન્ડિયા બ્રિસ્બેનના આકરા ક્વોરન્ટાઈન નિયમો વચ્ચે, ત્યાં કોઈ ટેસ્ટ મેચ રમવાનું નથી. કેમકે ટીમ ઈન્ડિયા ૧ મહિના જેવો સમય પહેલાજ ક્વોરન્ટાઈનમાં વિતાવી ચુકી છે. આમ આ સીરીઝમાં સતત વિવાદ રહ્યા. આ બંને મામલા પછી એવું લાગી રહ્યું હતું કે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા અને બીસીસીઆઇ વચ્ચે જબરો પેચ લડ્યો છે અને સીરીઝ પર ખતરો છે. આ બંને વિવાદો વચ્ચે, જોફ્રા આર્ચરનું ટ્વીટ હવે વાયરલ થઈ રહ્યું છે. જોફ્રા આર્ચરે શનિવારે એક ટ્વીટ કર્યું હતું, જેને ભારત ઓસ્ટ્રેલિયા સીરીઝ સાથે જોડવામાં આવી રહ્યું છે. જોફ્રા આર્ચેરે ૨ જાન્યુઆરીએ ટ્વીટ કર્યું હતું, તેમાં કહ્યુ હતુ કે બેગ પેક કરવાનો સમય આવી ગયો છે. ચાહકોને લાગે છે કે જોફ્રા આર્ચરનું આ ટ્વિટ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાલી રહેલા મેચ અંગે જોડીને કહેવામાં આવે છે.

# પાકિસ્તાન સામે સતત ત્રીજી સદી ફટકારી કેન વિલિયમ્સને બન્યો ઈતિહાસ રચયિતા



(જી.એન.એસ.)ક્રાઈસ્ટચર્ચ,તા.૪

ક્રાઈસ્ટચર્ચમાં યજમાન ન્યૂઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે રમાઇ રહેલી બીજી ટેસ્ટ મેચના બીજા દિવસની રમત સમાપ્ત થઈ ગઈ છે. બે દિવસની રમત બાદ સિરીઝમાં ડ્રાઈવિંગ સીટ પર રહેલી કીવી ટીમ આ મુકાબલામાં પણ આગળ ચાલી રહી છે. હાલ પાકિસ્તાનની પાસે સામાન્ય લીડ છે, પરંતુ ન્યૂઝીલેન્ડ ટીમના કેપ્ટન કેન વિલિયમનસ શાનદાર સદી ફટકારી ક્રિઝ પર છે, જેણે પાકિસ્તાનને ફરી દેખાડ્યુ કે તે કેમ નંબર વન બેટ્સમેન બન્યો છે.

આઈસીસીની ટેસ્ટ રેંક્રિંગમાં નંબર વનની ખુરશી હાસિલ કરનાર કેન વિલિયમસને પાકિસ્તાન વિરુદ્ધ બીજી ટેસ્ટ મેચમાં ૧૪૦ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. આ વિલિયમસનનના ટેસ્ટ કરિયરની ૨૪મી સદી હતી. વિલિયમસને અડધી સદીથી સદી સુધી પહોંચવા માટે માત્ર ૩૫ બોલનો ઉપયોગ કર્યો હતો. હાલમાં ટેસ્ટમાં નંબર વન બનેલા બેટ્સમેન વિલિયમસને સતત ત્રીજી ટેસ્ટમાં સદી ફટકારી છે. આ પહેલા તેણે વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ બેવડી સદી અને પાકિસ્તાન સામે પ્રથમ ટેસ્ટમાં પાકિસ્તાન વિરુદ્ધ સદી ફટકારી હતી.

વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ કેન વિલિયમસને ૨૫૧ રનની ઈનિંગ રમી હતી, જ્યારે પાકિસ્તાન વિરુદ્ધ ૧૨૯ રન બનાવ્યા હતા. તે બન્ને મેચમાં ટીમને જીત મળી હતી. વિલિયમસન હવે ટેસ્ટ ક્રિકેટમાં ૭ હજાર રન બનાવવાની ખુબ નજીક છે. વિલિયમસન આજે ૧૧૨ રન બનાવી અણનમ છે. જો તે વધુ ૧૧ રન બનાવી લેશે તો ટેસ્ટ ક્રિકેટમાં સાત હજાર રન પૂરા કરી લેશે.

તો મેચની વાત કરીએ તો પાકિસ્તાનને પ્રથમ ઈનિંગમાં ૨૯૭ રન બનાવ્યા હતા. જેના જવાબમાં કીવી ટીમે ૮૫ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવી ૨૮૬ રન બનાવી લીધા છે. પાકિસ્તાનની પાસે હજુ ૧૧ રનની લીડ છે, પરંતુ યજમાન ટીમની સાત વિકેટ બાકી છે. વિલિયમસન ૧૧૨ રન અને હેનરી નિકોલ્સ ૮૯ રન બનાવી રમી રહ્યાં છે.

# ઓસી. માટે શર્મા મોટો પડકાર : લાયન



(જી.એન.એસ.)મેલબર્ન,તા.૪

ઓસ્ટ્રેલિયન ટીમે ભારતીય ઓપનર રોહિત શર્મા માટે ખાસ વ્યૂહરચના ઘડી છે. ઓસ્ટ્રેલિયન સ્પિનર ??નાથન લાયને આ વાત કહી. તેણે કહ્યું કે "રોહિત એક વર્લ્ડ ક્લાસ ખેલાડી છે. તે ટેસ્ટ સીરિઝમાં ઓસ્ટ્રેલિયન બોલરો માટે સૌથી મુશ્કેલ પડકાર સાબિત થશે. આને કારણે તેના માટે વિશેષ વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે-ટેસ્ટ મેચની શ્રેણી ૧-૧થી બરાબરી પર છે." રોહિત શ્રેણીની છેલ્લી બે મેચ માટે ભારતીય ટીમ સાથે જોડાયો છે. પ્રથમ મેચ ૭ જાન્યુઆરીએ સિડનીમાં અને બીજી ૧૫એ બ્રિસ્બેનમાં યોજાવાની છે. જોકે, રોહિતે ન્યૂયરના દિવસે અન્ય ચાર ખેલાડીઓ સાથે એક રેસ્ટોરાંમાં ડિનર કર્યું હતું. તેના પર કોરોના નિયમ તોડવાનો આરોપ લગાવવામાં આવ્યો છે અને આ અંગે તપાસ ચાલી રહી છે. તેવામાં તેના ત્રીજી ટેસ્ટમાં રમવા પર સસ્પેન્સ છે.

લાયને પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, "ચોક્કસ, રોહિત શર્મા વિશ્વ ક્રિકેટના શ્રેષ્ઠ ખેલાડીઓમાંથી એક છે, તેથી જ તેને આઉટ કરવો અમારા બોલર્સ માટે એક પડકાર રહેશે. અમે અમારી વ્યૂહરચના પ્રમાણે મેચ રમીશું. અમે પડકારો લેવાનું પસંદ કરીએ છીએ. રોહિતના જોડાવાથી ભારતીય ટીમ મજબૂત થઈ છે. રોહિત માટે અમારો પ્લાન તૈયાર છે.

# ગરીબો કા મસિહા બના ખેડૂતો કા હીરો : કિસાન આંદોલન મુદ્દે સોનુ સૂદની ફિલ્મ ''કિસાન'' એનાઉન્સ



(જી.એન.એસ.)મુંબઇ,તા.૪

એક્ટર સોનુ સૂદ જે આ મહામારીમાં લોકોની મદદ કરીને મસીહા બની ગયો છે તેની નવી ફિલ્મ અનાઉન્સ થઈ છે. 'કિસાન' નામની ફિલ્મનું અનાઉન્સમેન્ટ અમિતાભ બચ્ચને સોશિયલ મીડિયા પર કર્યું છે. 'કિસાન' ફિલ્મને 'શૂલ' ફેમ ડિરેક્ટર ઈ નિવાસ ડિરેક્ટ કરવાના છે. ફિલ્મના પ્રોડ્યુસર 'ડ્રીમ ગર્લ'થી ડિરેક્ટર તરીકે ડેબ્યુ કરનારા રાજ શાંડિલ્ય છે.

બિગ બીએ સોશિયલ મીડિયા પર લખ્યું છે કે 'કિસાન' ફિલ્મને શુભેચ્છા, ડિરેક્ટર ઈ નિવાસ અને એક્ટર સોનુ સૂદ.' આના પર સોનુ સૂદે વળતો જવાબ આપી અમિતાભનો આભાર માન્યો હતો.

હાલમાં જ સોનુ સૂદ કેબીસીના સેટ પર પહોંચ્યો હતો, જ્યાં તેણે પોતાની બુક 'આઈ એમ નો મસીહા' અમિતાભને ગિફ્ટ કરી. સોનુ સૂદે લોકડાઉન દરમિયાન ઘણાબધા મુસાફરો, મજૂરોની મદદ કરી તેમને ઘરે પહોંચાડ્યા હતા. આ સિવાય સોનુ સોશિયલ મીડિયા પર સતત એક્ટિવ રહીને જરૂરિયાતમંદ લોકોની મદદ કરવા અગ્રેસર રહે છે. લોકોનાં ભણતર, હેલ્થ વગેરે માટે તે પોતાની બનતી સહાય પૂરી પાડી રહ્યો છે. હાલમાં જ્યારે દેશમાં સરકાર વિરુદ્ધ ખેડૂત આંદોલન ચાલી રહ્યું છે, એને સોનુ સૂદે સપોર્ટ કર્યો છે. સોનુએ થોડા દિવસ પહેલાં 'ખેડૂત છીએ તો આપણે છીએ' આવી વાત સોશિયલ મીડિયા પર કરી હતી. હવે આ માહોલમાં તેણે નવી ફિલ્મ 'કિસાન' અનાઉન્સ કરી છે.

# ડો. નેહા શર્મા બની કૌન બનેગા કરોડપતિની આ સિઝનની ચોથી વિનર



(જી.એન.એસ.)મુંબઇ,તા.૪

'કૌન બનેગા કરોડપતિ' શોને સીઝનની ચોથી કરોડપતિ મળી ગઈ છે. નવા પ્રોમોમાં જોઈ શકાય છે કે ડૉ. નેહા શાહ શોની ચોથી કરોડપતિ બની છે. એટલું જ નહિ, પણ નેહા કરોડપતિ બનનારી ચોથી મહિલા કન્ટેસ્ટન્ટ છે. તેની પહેલાં ટીચર અનુપા દાસ, કમ્યુનિકેશન મેનેજર નાઝિયા નસીમ, આઈપીએસ ઓફિસર મોહિત શર્મા આ શોમાં કરોડપતિ બન્યાં છે.

આવતા અઠવાડિયે ટેલિકાસ્ટ થનારા શોના પ્રોમોમાં નેહા શાહ અમિતાભ બચ્ચન સાથે ફ્લર્ટ કરતી દેખાશે. એ પછી બચ્ચનસાહેબ કહે છે, તમે ૧ કરોડ પર ફોકસ કરો. તેઓ જેવા '૧ કરોડ' બોલે છે કે તરત જ નેહા તેમને ફ્લાઈંગ કિસ અને લવ યુ કહે છે.

નેહા પછી અમિતાભ બચ્ચન કહે છે, મારો અને તેમનો રોમેન્ટિક એન્ગલ ચાલી રહ્યો છે. આ પ્રોમો તેમણે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર શેર કર્યો છે. પ્રોમોમાં નેહા ૭ કરોડના જેકપોટ પ્રશ્ન સુધી પહોંચી ગયેલી દેખાય છે. સોની ટીવીએ લખ્યું, કન્ટેસ્ટન્ટ નેહા શાહ અને અમિતાભ બચ્ચનમાં અમુક હળવા મોમેન્ટ કર્યા છે.

# ઘોડાની રેસમાં હાર્યો જીંદગીની રેસ રાજસ્થાનના ૨૫ વર્ષિય જોકીનું મૃત્યુ



(જી.એન.એસ.)જયપુર,તા.૪

મેદાન પર રહેલા ખેલાડીઓ જ્યારે કોઇ રેકોર્ડ સર્જે કે નવી ઉંચાઇ મેળવે ત્યારે ચારેકોર તેની પ્રશંસા થાય છે. દર્શકો ખેલાડીઓ સાથે અને રમત સાથે જોડાયેલા હોય છે. આથી કોઇ પણ રમતના ખેલાડી સાથે જો કોઇ દુર્ઘટના થાય ત્યારે પ્રશંસકો નીરાશ થાય તે સ્વાભાવિક છે. આજે આવાજ એક દુ:ખદ સમાચાર આવી રહ્યા છે. રાજસ્થાનના એક ઉગતા ખેલાડી એટલે કે જોકીનું અશ્વ દોડ દરમિયાન અકસ્માતે મૃત્યુ નિપજ્યુ છે. ભારતીય પ્રશંસક માટે રમતના મેદાનમાંથી નિરાશાજનક સમાચાર આવી રહ્યા છે. હૈદરાબાદમાં એક ભારતીય ખેલાડી મોટા અકસ્માતનો શિકાર બન્યો અને તેણે દુનિયાને અલવિદા કહી દીધું છે. રાજસ્થાનના ૨૫ વર્ષીય જોકીનું અહીં અશ્વ દોડ દરમિયાન મૃત્યુ થયું હતું. આ માહિતી પોલીસે આપી હતી. પ્રાથમિક તપાસ બાદ પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ જોકી ઘોડા પરથી લપસી ગયો હતો, પરંતુ તેના શરીર પર ઈજાના નિશાન નથી. આ અકસ્માત બાદ તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ જોકીને મૃત જાહેર કર્યો હતો. અધિકારીએ જણાવ્યું કે, જોકીના પડવાની ઘટના રેસ ક્લબના કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેને મેળવીને આગળ તપાસ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ક્લબના સુરક્ષા અધિકારીએ ફરિયાદ નોંધાવી છે અને ઘટના અંગે જોકીના પરિવારને જાણ કરવામાં આવી છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે ગુનાહિત કાર્યવાહી સંહિતા ૧૭૪ હેઠળ કેસ નોંધીને કેસની તપાસ કરવામાં આવી રહી છે.

# ધૂમ-૪માં દીપિકા મુખ્ય ભૂમિકામાં નજરે પડી શકે



(જી.એન.એસ.)મુંબઇ,તા.૪

ધૂમ સિરીઝમાં અત્યાર સુધી બનેલી બધી ફિલ્મોની અપાર સફળતા બાદ દર્શકોને સિરીઝની આગામી ફિલ્મ એટલે કે 'ધૂમ ૪'ની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં છે. એવું માનવામાં આવી રહ્યું છે કે ખુબ જલદી યશરાજ ફિલ્મ્સ ધૂમ-૪ની જાહેરાત કરી શકે છે. સાથે ખબર તે પણ છે કે આ ફિલ્મમાં બોલીવુડની મસ્તાની દીપિકા પાદુકોણ મુખ્ય ભૂમિકામાં જોવા મળી શકે છે.

ફિલ્મના મેકર્સ આ માટે દીપિકા સાથે વાત કરી રહ્યાં છે. જો અભિનેત્રી આ ફિલ્મ માટે હા પાડી દે તો આ વર્ષના અંતમાં ફિલ્મનું શૂટિંગ શરૂ કરવામાં આવશે. આ ફિલ્મ દ્વારા દર્શકોને એકવાર ફરી ખુબસૂરત ચોરની જોવા મળશે. અહેવાલો પ્રમાણે મેકર્સ ધૂમ ૪માં દીપિકાને ખુબ સ્ટાઈલિશ ચોરનીના રૂપમાં રજૂ કરવાના છે. પરંતુ ધૂમ-૪ને લઈને અત્યાર સુધી ફિલ્મના મેકર્સ તરફથી કોઈપણ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી. પરંતુ જો ખરેખર દીપિકા પાદુકોણ આ ફિલ્મ માટે પોતાની ડેટ્સ આપે છે તો આ ચોથી વાર હશે જ્યારે મસ્તાની યશરાજ ફિલ્મ્સ સાથે કામ કરશે. આ પહેલા તે વર્ષ ૨૦૦૮માં ફિલ્મ 'બચના એ હસીનો, વર્ષ ૨૦૧૦માં લફંગે પરિંદેમાં કામ કરી ચુકી છે. તો તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે વર્ષના અંત સુધી યશરાજની આગામી ફિલ્મ 'પઠાન પણ રિલીઝ થઈ જશે. જેમાં દીપિકા પાદુકોણ એક્શન કરતી જોવા મળશે.

# જાન્હવી કપૂરે જુહુ પર ખરીદ્યુ ૩૯ કરોડનુ ઘર



## ૧૪,૧૫,૧૬ માળે ફ્લેટ

ચક્રવાત ટીમ, મુંબઈ,૪

બોની કપુર અને શ્રીદેવીની પુત્રી જાન્હ્વી કપૂરે જુહુ એરિયામા ડિસેમ્બર મહિનામા ૩૯ કરોડ રૂપિયાનું ઘર ખરીદ્યુ છે. જેવીપીડી જેવા આલિશાન વિસ્તારમા અન્ય સેલીબ્રેટી સાથે જાન્હવી પણ હવે જુહુમા રહેશે.જાન્હવીએ ડિસેમ્બર ૭ના રોજ આ ડિલ ફાયનલ કરી હતી.આર્ય બિલ્ડીંગના ૧૪,૧૫ અને ૧૬મે માળે ટીપ્લેક્સ લકઝરી ફ્લેટ તેણે ખરીદ્યો છે.મુંબઈના જુહુ વિસ્તારમા આવેલા આ ફ્લેટનો એરિયા ૩૪૫૬ સ્કે.ફીટ હોવાનો સ્કેવરફીટ ઇંડિયાના અહેવાલમા જણાવાયુ છે.આ વિસ્તારમા અનેક ફિલ્મી સિતારાઓના અને અનેક ઉધ્યોગપતીઓના નિવાસસ્થાનો આવેલા છે. ૨૩ વર્ષની આ અભિનેત્રીએ ડિસેમ્બર ૧૦ના રોજ રજીસ્ટ્રેશન અને સ્ટેમ્પ ડ્યુટી ભરી હતી.સૂત્રોના જણાવાયા મુજબ ૭૮ લાખ રૂપિયા તેણીએ સ્ટેમ્પ ડ્યુટી ભરી હતી.૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી બે ટકા સ્ટેમ્પ ડ્યુટીનો લાભ લીધો હતો.ફ્લેટ ઉપરાંત અહિ તેણે છ કાર પાર્કિંગ પણ મળ્યા છે. મરાઠી ફિલ્મ "સૈરાટ"ની હિન્દી રિમેક ધડક ફિલ્મ ઈશાન ખટ્ટર સામે તેણીએ બોલીવુડમા ડગ માંડ્યા હતા.જાન્હવી પહેલા અભિનેતા ત્રૃતિક રોશને વર્સોવામા ૯૬ કરોડના ખર્ચે આલિશાન ઘર ખરીધ્યુ છે.

# રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ'માં સારા રિજેક્ટ, તૃપ્તિ ડિમરીની એન્ટ્રી



(જી.એન.એસ.)મુંબઇ,તા.૪

અભિનેતા રણબીર કપૂર ફિલ્મ કબીર સિંહના ડાયરેક્ટર સંદીપ વાંગા રેડ્ડી સાથે કામ કરતો જોવા મળશે. તેમના પ્રોજેક્ટનું નામ 'એનિમલ' છે. ફિલ્મમાં અનિલ કપૂર, બોબી દેઓલ અને પરિણિતી ચોપડા પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મની જાહેરાત થઈ ગઈ છે. હવે સમાચાર છે કે ફિલ્મમાં રણબીર કપૂરની વિરુદ્ધ અભિનેત્રી તૃપ્તિ ડિમરીને ફાઈનલ કરી લેવામાં આવી છે.

ફિલ્મ ફેરે સોર્સના હવાલાથી લખ્યું, કેટલાક મોટા અને જાણીતા ચહેરાઓએ આ રોલ માટે ઓડિશન આપ્યું. સારા અલી ખાને આ રોલ માટે ઓડિશન આપ્યું. પરંતુ ફિલ્મ મેકર તૃપ્તિના કામ અને ઓડિશન ટેપથી ઈમ્પ્રેસ જોવામળ્યા. તેમનો વિચાર છે કે તૃપ્તિ કેરેક્ટરમાં તાજગી અને યંગ અપીલ લાવી શકશે.

વર્કફ્રંટની વાત કરીએ તો રણબીર અયાન મુખર્જીની ફિલ્મ બ્રહ્માસ્ત્રને લઈને ચર્ચામાં છે. બ્રહ્માસ્ત્રમાં રણબીરની સાથે આલિયા ભટ્ટ અને અમિતાભ બચ્ચન મહત્વની ભૂમિકામાં જોવા મળશે. મૌની રોય ફિલ્મમાં વિલેનની ભૂમિકામાં છે. મહત્વનું છે કે રણબીર કપૂર છેલ્લા રાજકુમાર હિરાનીની ફિલ્મ સંજૂમાં જોવા મળ્યો હતો. આ ફિલ્મ સંજય દત્તની બાયોપિક હતી. ફિલ્મને ખુબ સારો પ્રતિસાદ મળ્યો હતો. મૂવી બ્લોકબસ્ટર હિટ હતી.

# બોર્ડની પરીક્ષા મે મહિનામાં યોજાવાની વકી પરીક્ષા ફીનું લીસ્ટ જાહેર કરવામાં આવ્યું



(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૫

કોરોનાકાળ દરમિયાન સરકાર દ્વારા ઓનલાઈન એજ્યુકેશન બાદ હવે આગામી બોર્ડની પરીક્ષા લેવાના નિર્ણય પછી ગુજરાત શિક્ષણ વિભાગે બોર્ડની પરીક્ષા ફી જાહેર કરી દીધી છે. જો કે બોર્ડની પરીક્ષા ફીમાંથી બહેનો અને દિવ્યાંગનો મુક્તિ આપવામાં આવી છે. ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં લેવામાં આવનારી બોર્ડની પરીક્ષાને લઈને ફી જાહેર કરી દીધી છે. તેમાં સૌથી મહત્વની વાત એ છે કે બોર્ડની પરીક્ષા ફીમાંથી બહેનો અને દિવ્યાંગને મુક્તિ આપવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા બોર્ડની પરીક્ષા ફી જાહેર કરી દેવામાં આવી છે. જેમાં ધોરણ ૧૦ માટે પરીક્ષા ફી ૩૫૫ રૂપિયા નક્કી કરવામાં આવી છે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ માટે ૪૯૦ રૂપિયા તેમજ વિજ્ઞાન પ્રવાહ માટે ૬૦૫ રૂપિયા ફી નક્કી કરાઈ છે.

થોડા દિવસ પહેલા જ ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા માટે શિક્ષણ વિભાગ સજ્જ થયું હતું. મળતી માહિતી અનુસાર ઉત્તરાયણ બાદ પરીક્ષાના ફોર્મ ભરવામાં આવશે અને મે મહિનામાં પરીક્ષા યોજાશે. બોર્ડની પરીક્ષા નિયત સમયમાં યોજાય તે માટે કવાયત હાથ ધરવામાં આવી રહી છે. શિક્ષણ વિભાગ દ્વારા જે શીડ્યુલ નક્કી કરાયું છે તેનું પાલન થાય તે માટે ખાસ પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. બોર્ડની પરીક્ષામાં કોઈ ખોટ ન રહી જાય તે માટે શિક્ષણ વિભાગ અત્યારથી કામે લાગી ગયું છે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા કોરોનાકાળમાં ધોરણ ૯ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે સ્કૂલ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કોરોના મહામારીને ધ્યાને રાખીને ગુજરાત સરકારના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવામાં આવ્યો હતો.

જેના હેઠળ ધોરણ ૯થી ૧૨ના અભ્યાસક્રમમાં ૩૦ ટકાના ઘટાડો કરાયો હતો. જ્યારે પરીક્ષા પદ્ધતિમાં પણ માટાપાયે ફેરફાર કરાયો હતો. બોર્ડના નિર્ણય મુજબ ધોરણ-૯,૧૦,૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રશ્નપત્રોમાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ વધારીને ૩૦ ટકા કર્યું છે. જે અગાઉ ૨૦ ટકા હતું.

# હવે ડ્રાઈવિંગ લાયસન્સ અને આર.સી. બુક ૩૧ માર્ચ સુધી રિન્યુ કરાવવાની જરૂર નહીં

## કોરોના મહામારીના કારણે સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૫



ફરી એકવાર રાજ્યના વાહનચાલકોને સરકારે મોટી ભેટ આપી હોય છે. ગુજરાત સરકારના વાહનવ્યવહાર વિભાગ દ્વારા ડ્રાઈવિંગ લાયસન્સ, આરસી બુકની મુદતમાં વધારો કરાયો છે. મુદત પુર્ણ થયેલા દસ્તાવેજોની પણ ૩૧ માર્ચ સુધી એંફોર્સમેંટ માટે માન્ય રાખવામાં આવશે. રાજ્યના વાહનવ્યવહાર કમિશનરની કચેરીએ નવો આદેશ રજૂ કર્યો છે. કોરોનાને પગલે વાહનમાલિકો માટે ડ્રાઈવિંગ લાઈસન્સ, આરસી બુક, ફિટનેસ સર્ટિફિકેટ અને પરમિટ સહિતના દસ્તાવેજોની મુદત ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વાહન વ્યવહાર વિભાગ દ્વારા ગત વર્ષે આ તમામ દસ્તાવેજોની મુદત ૩૦ સપ્ટેમ્બર સુધી લંબાવાઈ હતી. ત્યારબાદ તેમાં વધુ ત્રણ મહિનાનાનો ઉમેરો કરાયો હતો. નવા વર્ષની સાથે તમામ દસ્તાવેજોની મુદત ૩૧મી ડિસેમ્બર ૨૦૨૦એ પૂર્ણ થઈ ગઈ હતી, પરંતુ સરકારના નવા આદેશ મુજબ જેમની મુદત પૂર્ણ થઈ ગઈ હશે તો પણ તેની વેલિડિટી ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી માન્ય ગણાશે. બીજી તરફ લર્નિંગ લાઈસન્સની મુદતમાં કોઈ વધારો નહીં કરવાનું જણાવાયું છે. ૬ મહિનાની વેલિડીટી પૂર્ણ થયા બાદ ફરી ફી ભરવાની રહેશે. ડ્રાઈવિંગ લાયસન્સ, આરસી બુકની મુદતમાં વધારો કરતા ફરી એકવાર નાગરિકોને એક મોટી રાહત આપી છે. હાલ કોરોના હોવાથી મોટા ભાગે ઓફિસો બંધ છે અથવા તો લોકો બહાર જવાનું ટાળી રહ્યા છે, ત્યારે રાજ્ય સરકારે ફરી રિન્યૂ કરવા માટે ૩૧-૦૩-૨૦૨૧ સુધી વેલિડિટી આપી છે. જેમની પણ મુદત પુર્ણ થઈ ગઈ છે તેવા તમામ દસ્તાવેજોની પણ ૩૧ માર્ચ સુધી એંફોર્સમેંટ માટે માન્ય રાખવામાં આવશે.

# સુરતમાં ભટાર ચાર રસ્તા પાસે મર્સિડીઝે લીધા પાંચને અડફેટે : એક વ્યક્તિનું મોત

(જી.એન.એસ.)સુરત,તા.૫

ભટાર ચાર રસ્તા પાસે સોમવારે રાત્રે મર્સિડીઝ કારના ચાલકે ૫ જણને અડફેટે લીધા હતા, જેમાં એક સાઈકલસવારનું ઘટનાસ્થળે મોત થયું હતું, જયારે મોપેડ, કાર અને રિક્ષાવાળાને ગંભીર ઈજા થતાં સિવિલમાં ખસેડાયા છે. મર્સિડીઝ મૂકી ભાગેલો ચાલક દારૂના નશામાં હોવાની આશંકા છે. કારનો ચાલક તેના શેઠને એરપોર્ટ લેવા નીકળ્યો હતો, એ સમયે અકસ્માત થયો હતો. પાંડેસરામાં રહેતો તિવારી અટક ધારી ડ્રાઈવર હોવાની વાત પોલીસે જણાવી છે અને તેના ઘરે પણ મોડી રાત્રે પોલીસ તપાસ માટે ગઈ હતી. રાત્રે ૮.૩૦ વાગ્યાના અરસામાં મર્સિડીઝ કારના ચાલકે ઉધના મગદલ્લા રોડ પર પહેલા દંપતીને ઉડાવ્યા, જેને કારણે ટોળાં ભેગાં થતાં ચાલક ત્યાંથી કાર લઈ ભાગવા ગયો એટલામાં અણુવ્રત દ્વાર પાસે એક કારને ટક્કર મારી, જેથી કારના ચાલકે મર્સિડીઝ કારની આગળ ઊભા રહી બોલાચાલી કરતાં તેના ઉપરથી કાર ચઢાવી દેતાં ચાલક ઊછળીને બોનેટ પર પડયો હતો.

બોનેટ લઈને મર્સિડીઝ કારનો ચાલક બ્રેડલાઈનર સર્કલ સુધી ભાગ્યો ગયો હતો. મોડી રાતે ઉધના મગદલ્લા રોડ પર બેફામ મર્સિડીઝ ચલાવતા ડ્રાઈવરે એક સાઈકલ, એક બાઈક અને એક ઓટોરિક્ષાને અડફેટે લીધી હતી. કારની અડફેટે ચડેલા સાઈકલસવાર વ્યક્તિનું ઘટનાસ્થળે મોત થયું હતું. અકસ્માતની ઘટનાની જાણ થતાં ખટોદરા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ૧૦૮ની ટીમ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

# સુરત ફાયર સેફિટ વિભાગ એક્શનમાં ફાયર સેફિટ ન હોય તેવી ૧૦ સ્કૂલ સીલ

(જી.એન.એસ.)સુરત,તા.૫

સુરત શહેરમાં છેલ્લા કેટલાક સમયથી સતત ફાયર સેફટીને મુદ્દે નોટિસ આપ્યા છતાં કેટલીક સંસ્થા અથવા સ્કૂલોએ ફાયર સેફટી નહીં ઊભી કરતા હવે ફાયર વિભાગ તરફથી આકરા પગલાં લેવામાં આવ્યા છે. આ અનુસંધાને ફાયર વિભાગે ૧૦ જેટલી સ્કૂલોને સીલ કરી દીધી છે. સુરતમાં આજથી બે વર્ષ પહેલા સરથાણા વિસ્તારમાં આવેલા તક્ષશિલા આર્કેટમાં આગ લાગી હતી. આ આગમાં ૨૦ બાળકોનાં મોત થયા હતા. જે બાદમાં તંત્ર તરફથી ફાયર સેફટી મુદ્દે મોટા પ્રમાણમાં કામગીરી કરવામાં આવી હતી. સુરતમાં આગ લાગ્યા બાદ તંત્રને ખ્યાલ આવ્યો હતો કે અનેક જગ્યા પર ફાયર સેફટીની કોઈ વ્યવસ્થા જ નથી.

આવી મિલકતોને તંત્ર તરફથી ફાયર સેફટી ઊભી કરવા માટે કહેવામાં આવ્યું હતું. આ મામલે તમામને નોટીસો પણ પાઠવવામાં આવી હતી. શહેરમાં આવેલી આવી મિલકતોને એક કરતા વધુ વખત નોટીસ આપવા છતાં તેમના તરફથી આજ દિવસ સુધી ફાયર સેફટી ઊભી કરવામાં આવી નથી. આ મામલે હવે તંત્ર તરફથી લાલ આંખ કરવામાં આવી છે. આ મામલે એક અઠવાડિયા પહેલા શહેરની ૧ હજાર કરતા વધુ દુકાનો તંત્રએ સીલ કરવાની કાર્યવાહી કરી હતી.આજે ફરી એકવાર ફાયર વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. આ વખતે કાપડ માર્કેટ કે કોઈ આર્કેટ નહીં પરંતુ સ્કૂલો સામે લાલા આંખ કરીને ૧૦ જેટલી સ્કૂલોને સીલ કરી દેવામાં આવી છે. સ્કૂલોમાં સિલિંગની કાર્યવાહી શરૂ કરતા જ સંચાલકો દોડતા થયા છે.

# ચોટીલા દર્શન કરવા જતા અમરેલીના પરિવારને અકસ્માત નડ્યો : ચાલકનું મોત

(જી.એન.એસ.)અમરેલી,તા.૫



ઠંડીનો અકસ્માતોનો દોર ચાલુ જ છે. ત્યારે અમરેલીમાં ચોટીલા દર્શન કરવા જતા પરિવારને ખાંભા પાસે અકસ્માત નડ્યો હતો. જેમાં કારચાલકનું ઘટના સ્થળે મોત નિપજ્યું છે. તો અન્ય ચાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમરેલીના બારમણ ગામનો રહેવાસી પરિવાર ચોટીલા દર્શન કરવા નીકળ્યો હતો. વહેલી સવારે અલટો કારમાં સવાર પરિવારના પાંચ સભ્યો મા ચામુંડાના દર્શને જવા નીકળ્યા હતા. પરંતુ ખાંભાના નાનુડી લપાળા ડુંગર પાસે કારને અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો વિચિત્ર હતો કે અલ્ટો કાર રોડ પર પાર્ક થયેલી બંધ ટ્રક પાછળ જોરદાર ભટકાઈ હતી. સિમેન્ટ ભરેલો જીજે-૧૧-વાય ૬૩૩૨ નંબરની ટ્રક રોડ પર ઉભો હતો, તેની સાથે અલ્ટો કાર ભટકાઈ હતી. જોકે, અકસ્માત કયા કારણોસર થયો તે હજી જાણી શકાયું નથી. અકસ્માતમાં અલ્ટો કાર ચલાવનાર શખ્સનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. તો અન્ય ચાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તમામને સાવરકુંડવા ખાંભાની હોસ્પિટલમાં ૧૦૮ની મદદથી સારવાર માટે ખસેડાયા છે. અકસ્માતમાં કારને ભારે નુકસાન થયું હતું.

# મેક ઈન ઈન્ડિયા : સુરત હજીરામાં ૮૮મી K-9 વજ ટેંક બની

(જી.એન.એસ.)સુરત,તા.૫

હજીરા ખાતે એલશ્ટી કંપની દ્વારા આર્મ્ડ સિસ્ટમ કોમ્પલેક્ષ ખાતે નિર્મિત ૮૮મી **K-9** વજ ટેંકને ભારતીય સેનામાં સામેલ કરવા માટે ફ્લેગ ઓફ આપવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્રીય પેટ્રોલિયમ, પ્રાકૃતિક ગેસ અને સ્ટીલ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન હાજર રહ્યાહ તા. આ ઉપરાંત તેમના હસ્તે કંપની દ્વારા નિર્મિત ઈથીલિન ઓક્સાઈડ રિએક્ટરને ઓરીસાના પારદીપ ખાતે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ માટે પણ ફ્લેગ ઓફ આપ્યું હતું. એલ એન્ડ ટી દ્વારા નિર્મિત સુપર ક્રિટિકલ ઈક્વીપમેન્ટ અંતર્ગત **MEG** (મોનો ઈથીલિન ગ્લાયકો) પ્રોજેક્ટ માટેના દેશોના બીજા ક્રમના સૌથી મોટા ડિ ઈથીલાઈઝર અને વોશ ટાવરને પણ એલએન્ડ ટી રોરો જેટી પરથી ફ્લેગ આપી કેન્દ્રીય મંત્રી દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ અંગે કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, સુરતનું હજીરા ખાતેનું એલએન્ડ ટી યુનિટ આત્મનિર્ભર ભારતનું જીવંત ઉદાહરણ છે. આત્મનિર્ભર ભારતનાં સ્વપ્નને સાકાર કરતી એલએન્ડટી કંપનીએ સ્વદેશી ટેક વિકસાવીને નવુ સિમાચિન્હ પ્રાપ્ત કર્યુ છે. ઓરિસ્સાનાં પારાદીપ ખાતે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા મોનો ઈથિલીન ગ્લાયકોલ પ્રોજેક્ટ અંતર્ગત રિફાઈનરી કમ પેટ્રોકેમિકલ સંકુલનું નિર્માણ થઈ રહ્યું છે. જેના દ્વારા સુરતના હજીરામાં બનેલા સ્વદેશી અદ્યતન સુપર ક્રિટિકલ ઉપકરણો જેવા કે ઈથિલિન ઓક્સાઈડ રિએક્ટર, વોશ ટાવર અને ડી ઈથિલેનાઈઝર ખુબ જ ઉપયોગી પુરવાર થશે.


સત્ય માટે સત્ય સાથે સતત..
ચક્રવાત
ન્યુઝ પેપર & ચેનલ

સત્ય માટે સત્ય સાથે સતત
સામાન્ય જનતાનું પોતીકું અખબાર
નેતાઓના મનની નહિ, મારી તમારી આપણી વાત એટલે આપણું ''ચક્રવાત''

વાર્ષિક લવાજમ
Rs ૧૨૦૦/-
તા. ૧ જાન્યુઆરીથી
૩૧ ડિસેમ્બર




આપનો અમૂલ્ય સહયોગ ચોથી જાગીરના પડકારને જીવંત રાખશે
ચક્રવાત ભવન, શાળા નં. ૬૯ સામે, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક, મવડી રોડ, રાજકોટ
Contact Number - 9106617867


Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)